તા.૨૯/૧૦/૨૦૨૨ ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે મળેલ સામાન્ય સભાની કાર્યનોંધ.

સભામાં હાજર રહેલા સભ્યશ્રીઓ..........

| અ.નં. | સભ્યશ્રીઓના નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | પટેલ કિન્નરીબેન અમીષભાઇ | પ્રમુખ |
| ૨. | પાનવાલા વર્ષાબેન અમિતકુમાર | સભ્ય |
| ૩. | પટેલ સતિષભાઇ બાલુભાઈ | સભ્ય |
| ૪. | પટેલ કિરણભાઇ ભીખુભાઈ | સભ્ય |
| ૫. | પટેલ ઉર્વશી રાજેશભાઇ | સભ્ય |
| ૬. | પટેલ વિકાસ રાજેશભાઈ | સભ્ય |
| ૭. | વાડીવાલા મહેન્દ્રભાઇ ભગુભાઈ | સભ્ય |
| ૮. | દેસાઇ ગિરીશભાઇ ભગવાનજીભાઇ | સભ્ય |
| ૯. | રાજાણે ચેતનાબેન રાકેશભાઇ | સભ્ય |
| ૧૦. | પટેલ વિજય સહદેવભાઈ | સભ્ય |
| ૧૧. | ચૌહાણ સંજય દશરથરાવ | સભ્ય |
| ૧૨. | ભાનુશાલી કલ્પના રાજેશભાઇ | સભ્ય |
| ૧૩. | પટેલ હિતેશકુમાર ઈશ્વરલાલ | સભ્ય |
| ૧૪. | પટેલ ભારતીબેન મનોજભાઇ | સભ્ય |
| ૧૫. | સોલંકી સોનલ તેજસભાઇ (જૈન) | સભ્ય |
| ૧૬. | ગજધર વિમલ સુમંતરાય | સભ્ય |
| ૧૭. | શેખ સબીના સાજીદ | સભ્ય |
| ૧૮. | શેખ નઝમા અમીર | સભ્ય |
| ૧૯. | પટેલ રમેશભાઇ મંગળદાસ | સભ્ય |
| ૨૦. | દેસાઇ ઉર્મિ આશિષકુમાર | સભ્ય |
| ૨૧. | પટેલ ધર્મેશભાઈ અરવિંદભાઇ | સભ્ય |
| ૨૨. | આહિર પંકજ ઠાકોરભાઇ | સભ્ય |
| ૨૩. | આહિર ઋષિકાકુમારી પ્રિયંકકુમાર | સભ્ય |
| ૨૪. | ઓઝા ડો. પુષ્પાબેન રામજોર | સભ્ય |
| ૨૫. | પટેલ ભરતભાઇ છોટુભાઇ | સભ્ય |
| ૨૬. | વશી નિતેશભાઈ મહાદેવભાઈ | સભ્ય |
| ૨૭. | પટેલ સોનલબેન કિશોરભાઇ | સભ્ય |
| ૨૮. | પટેલ ધર્મેશભાઈ અરૂણભાઇ | સભ્ય |
| ૨૯. | પટેલ પ્રવીણભાઈ સોમાભાઇ | સભ્ય |
| ૩૦. | પટેલ હેતલકુમારી જયેશભાઇ | સભ્ય |
| ૩૧. | પઠાણ મહેબુબ ગુલશેરખાન | સભ્ય |
| ૩૨. | મહાકાલ રવિન્દ્રભાઈ રામચંદ્રભાઈ | સભ્ય |

સભાની શરૂઆત વંદેમાતરમથી કરવામાં આવી.

પ્રમુખશ્રી દ્વારા સભામાં ઉપસ્થિત સૌને આવકારવામાં આવ્યા.

સૌને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી..

વલસાડ નગરપાલિકાના માજી સભ્ય અશોકભાઇ ભીખુભાઈ ભંડારીનું ટૂંકી માંદગી બાદ દુ:ખદ અવસાન થયેલ છે. તેમજ નામીઅનામી સ્વર્ગસ્થ તમામની આ તબક્કે નોંધ લઈ તેઓશ્રીની આત્માને શાંતિ

મળે તે માટે શ્રદ્ધાંજલી આપી. અને સૌએ ૨ મીનીટનું મૌન પાળ્યું.

સભ્યશ્રી ગિરીશભાઇ દેસાઇએ સૌને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી. ચીફ ઓફિસરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેરના વિકાસના કામો માટે મ્યુનિસિપલ ઈજનેર તેમજ બાંધકામ શાખાના સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવી પ્રાદેશિક કમિશ્નર કમિશ્નર કચેરી ,સુરતને સમયસર દરખાસ્તો રજુ કરી વહીવટી મંજુરી , તાંત્રિક મંજુરીમેળવી સરાહનીય કામગીરી કરેલ છે. જેથી શહેરીજનોને આચાર સંહિતા પહેલા વિકાસના કામોનું લાભ મળી શકે.

પ્રમુખશ્રીની અનુમતિથી "રાષ્ટ્રીય એકતા દિવસ શપથ"માં સૌ જોડાયા, પ્રતિજ્ઞામાં ભાગ લીધો.

સભ્યશ્રી સોનલબેન પટેલ ગયા.

સભ્યશ્રી નિતેશભાઈ વશીએ વલસાડ નગરપાલિકાના મંજુર થયેલા મહેકમની ૧૦૫ જગ્યાઓમાંથી ૮૪ જગ્યાઓ માટે નિમણુંક અપાયેલ છે. જ્યારે ૧૧ કર્મચારીઓના ફિક્સ પગારમાં ૫ વર્ષ પૂર્ણ થતાં નિમણુંક હુકમો બાકી હોવા અંગેની રજુઆત કરી.

ચીફ ઓફિસરશ્રી :- સરકારશ્રીની નિયત કરેલ ભરતી પ્રક્રિયાને અનુસરવાનું થાય છે. પસંદગી સમિતિમાં નિર્ણય થયેથી આગામી કાર્યવાહી થઈ શકે.

સભ્યશ્રી નિતેશભાઈ વશી :- ટી.પી. સ્કીમના રસ્તાઓ , મુખ્ય રસ્તાઓ , આંતરિક રસ્તાઓ પરના દબાણો દૂર કરી સરકારશ્રીના પરિપત્રનો અમલ થાય , દબાણ રજીસ્ટર નિભાવવામાં આવે , મુખ્ય રસ્તાઓ પર આવેલ કેબિન/દુકાનોના દબાણ દૂર કરવાની રજુઆતો કરી.તેમજ ગત સામાન્ય સભાના ૫૧ (૩) હેઠળના કામમાં સુધારો કરવા રજુઆત કરી.

પ્રમુખશ્રી :- છેલ્લા અઢી વર્ષના સમયગાળામાં શહેરના તમામ ૧ થી ૧૧ વોર્ડમાં થયેલ વિકાસના કામોથી માહિતગાર કર્યા. દરેક વોર્ડના સર્વાંગી વિકાસની ચર્ચા કરવામાં આવી. સભ્યશ્રી હિતેશભાઈ પટેલને એજન્ડાના કામો રજુ કરવા જણાવ્યુ.

સભ્યશ્રી હિતેશભાઈ પટેલ :- ઉપસ્થિત સૌને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી. પ્રમુખશ્રી દ્વારા દરેક વોર્ડના વિકાસના કામોમાં સૌ સાથી સભ્યશ્રીઓનો સહયોગ મળતા શહેરીજનોને સીધી અસર કરતાં કામોનો લાભ મળેલ છે.

સભ્યશ્રી મહેબૂબ ગુલશેરખાન પઠાણ:- ગત સામાન્ય સભાના કામ નં-૧ ધારાધોરણ નિયમો મુજબ છે કે કેમ? એવી રજુઆત કરી.

સભ્યશ્રી ગિરીશભાઇ દેસાઇ :- શહેરના વિકાસના કામોમાં સૌનો સહયોગ મળેલ છે. તે જ રીતે હાલમાં મંજુર થતાં કામોમાં સત્વરે કાર્યવાહી હાથ ધરી વર્કઓર્ડર આપી કામગીરી હાથ ધરવા રજુઆત કરી.

ચીફ ઓફિસરશ્રી :- ચાલુ કામો તેમજ હાલના મંજુર થયેલ કામોની વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી કામગીરી હાથ ધરાશે.

પ્રમુખશ્રીની અનુમતિથી સભ્યશ્રી હિતેશભાઈ પટેલને એજન્ડાના કામો રજુ કર્યા.

કામ નં.-૧.

વિષય :- તા:૨૯/૦૭/૨૦૨૨ ના રોજ મળેલ સમગ્ર સભાની કાર્યનોંધ વંચાયેલી ગણી મંજૂરી કરવા બાબત.

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી વિમલ એસ.ગજધર

ઠરાવ.:

તા: ૨૯/૦૭/૨૦૨૨ ના રોજ મળેલ ખાસ સાધારણ સમગ્ર સભાની કાર્યનોંધ દરેક સભ્યશ્રીઓને આપવામાં આવેલ છે. જે વંચાયેલી ગણી કન્ફર્મ કરવાનું ઠરાવવામાં આવે છે.

બ.મ.મંજુર..

કામ નં.-૨.

વિષય :- તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ એડવોકેટશ્રીના બીલ નંબર-૨૮૨ તા.03/03/૨૦૨૨નું એડવોકેટ ફી તથા ખર્ચનું બીલ ચુકવવા બાબત..

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી ભારતીબેન એમ.પટેલ

ઠરાવ :

કા.સ.ઠ.નં. ૧૧૫/ તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ , ગુજ. હાઈકોર્ટ, અમદાવાદમાં દાખલ કરેલ કેસ નંબર.: SCA NO 3856 / 2022, સદરહું કેસ અંગે નગરપાલિકા તરફેની કાર્યવાહી એડવોકેટશ્રી મિતુલ શેલતને સોપવામાં આવેલ છે. સદરહું કેસ સંલગ્ન કામગીરી માટે કરેલ કાર્યવાહી અંગેનું આવેલ વકીલ ફીનું બીલ નં.282/તા.:03/03/૨૦૨૨નું રૂ.૫૫,000.00 અંકે રૂ. પંચાવન હજાર પુરાનું આવેલ છે. જે ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**જ.બો.ઠ.નં.૯૦/તા:૨૯/૧૦/૨૦૨૨**

---

<u>કામ નં.-3.</u>

<u>વિષય :-</u> તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ એડવોકેટશ્રીના બીલ નં.૨૮૩,તા.:03/03/૨૦૨૨નું એડવોકેટ ફી તથા ખર્ચનું બીલ ચુકવવા બાબત..

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી ભારતીબેન એમ.પટેલ

<u>ઠરાવ :</u>

કા.સ.નં.-૧૧૬/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ, ગુજ. હાઈકોર્ટ, અમદાવાદમાં દાખલ કરેલ કેસ નંબર.: LPA NO 60 / 2022, સદરહું કેસ અંગે નગરપાલિકા તરફેની કાર્યવાહી એડવોકેટશ્રી મિતુલ શેલતને સોપવામાં આવેલ છે. સદરહું કેસ સંલગ્ન કામગીરી માટે કરેલ કાર્યવાહી અંગેનું આવેલ વકીલ ફીનું બીલ નં.283 / તા.:03/ 03/ ૨૦૨૨નું રૂ.૧,૧૦,000.00 અંકે રૂ. એક લાખ, દશ હજાર પુરાનું આવેલ છે. જે ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૪.

વિષય :- તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ  એડવોકેટશ્રીના બીલનો આવક નં.૨૯૯૭,તા.:૦૫/૦૯/૨૦૨૨નું એડવોકેટ ફી તથા ખર્ચનું બીલ ચુકવવા  બાબત..

 દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી રમેશભાઈ એમ.પટેલ

ઠરાવ :

કા.સ.નં.૧૧૭/તા:-૧૪/૧૦/૨૦૨૨ની  ભલામણ  મુજબ , ગુજ. હાઈકોર્ટ, અમદાવાદમાં દાખલ કરેલ કેસ નંબર.: CA /1400 /22( for delay) IN LPA / 12236 / 22  સદરહું કેસ અંગે નગરપાલિકા તરફેની કાર્યવાહી એડવોકેટશ્રી મેહુલ શરદ શાહને સોપવામાં આવેલ છે. સદરહું કેસની  સંલગ્ન કામગીરી માટે કરેલ કાર્યવાહી અંગેનું આવેલ વકીલ ફીનું બીલ રૂ.૩૦,૦૦૦/-અંકે રૂ.ત્રીસ હજાર પુરાનું આવેલ છે.  જે ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૫.

વિષય :- તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ એડવોકેટશ્રીના બીલ નં. YKG/ 31/22-23,તા.:૨૧/૦૭/૨૦૨૨નું એડવોકેટ ફી તથા ખર્ચનું બીલ રૂ.૪૨,૫૦૦/-ચુકવવા બાબત..

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી ધર્મેશ એ.પટેલ

ઠરાવ :

કા.સ.ઠ.નં-૧૮૨/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ, C.A No.01/2021 in LPA No.1056 / 2019 in SCA No.3062/2015 નામદાર હાઇકોર્ટ, અમદાવાદમાં દાખલ કરેલ કેસો અંગેની નગરપાલિકા તરફેની કાર્યવાહી એડવોકેટશ્રી યોગી કે. ગઢીયાને સોંપવામાં આવેલ છે. સદરહુ કેસ સંલગ્ન કામગીરી માટે કરેલ કાર્યવાહી અંગેનું એડવોકેટશ્રીના બીલ નં.YKG/31/22-23,તા.:૨૧/૦૭/૨૦૨૨નું એડવોકેટ ફી તથા ખર્ચનું આવેલ બીલ રૂ ।.૪૨,૫૦૦/-અંકે રૂપિયા બેતાલીસ હજાર,પાંચસો હજાર પુરાનું આવેલ છે. જે ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૬.

વિષય :- તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ એડવોકેટશ્રીના બીલ નં.૩૬૨,તા.:૨૦૩/૦૭/૨૦૨૨નું એડવોકેટ ફી તથા ખર્ચનું બીલ રૂ.૮૦,૦૦૦/-ચુકવવા બાબત..

 દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી ઋષિકા પી.આહિર

ઠરાવ :

કા.સ.ઠ.નં-૧૮૩/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ, ગુજરાત મઝદૂર સભા થ્રુ જનરલ સેક્રેટરી નરેન્દ્ર એન.પટેલ વિરુદ્ધ વલસાડ નગરપાલિકા ના કેસ નંબર CIVIL APP. NO.01/2021 ગુજરાત હાઇકોર્ટ અમદાવાદમાં દાખલ કરેલ. સદરહુ કેસ અંગે નગરપાલિકા તરફેની કાર્યવાહી એડવોકેટશ્રી મિતુલ શેલતને સોંપવામાં આવેલ છે. સદરહુ કેસ સંલગ્ન કામગીરી માટે કરેલ કાર્યવાહી અંગેનું એડવોકેટશ્રીના બીલ નં. YKG/31/22-23,તા.:૨૧/૦૭/૨૦૨૨નું એડવોકેટ ફી તથા ખર્ચનું આવેલ બીલ રૂ ।.૮૦,૦૦૦.૦૦/-અંકે રૂપિયા એસી હજાર પુરાનું આવેલ છે. જે ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૭.

વિષય :- તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ   એડવોકેટશ્રીના બીલ નં.૯૬ , તા.:૧૮ /૦૯/૨૦૨૨નું એડવોકેટ ફી તથા ખર્ચનું બીલ રૂ.૩૩,૦૦૦/-ચુકવવા બાબત..

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી ઓઝા ડો.પુષ્પા આર.

ઠરાવ :

કા.સ.ઠ.નં.૧૮૪/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકાના લેબર કોર્ટ , વલસાડમાં ચાલતા કેસ નં.૧૮૬ ,૧૮૭R ૧૮૮/૨૦૦૯ના કેસ અંગેની કાર્યવાહી એડવોકેટશ્રી કૌશિકભાઈ કપ્તાનને સોંપવામાં આવેલ હતી. સદરહુ કેસ સંલગ્ન કામગીરી માટે કરેલ કાર્યવાહીનું બીલ નંબર:-૯૬/ તા:-૧૮/૦૯/૨૦૨૨ થી રૂપિયા- ૩૩ ,૦૦૦/-અંકે રૂપિયા તેત્રીસ હજાર પૂરાનું બીલ અત્રે આવેલ છે. જે ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૮.

વિષય :- તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં (૧) શેલ્ટર હાઉસ ફીશ માર્કેટમાં તેમજ (૨) છીપવાડ, હનુમાન મંદિર પાસે પેવર બ્લોક નાંખવાની કામગીરી, વ્યવસાય વેરા ૨૦૧૯-૨૦ના મંજુર થયેલા ભાવે કરાવેલ જે અંગેનો થયેલ ખર્ચ રૂ.૩૦૨૪૭૧/- મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી કલ્પનાબેન આર.ભાનુશાલી

ઠરાવ :

કા.સ.ઠ.નં.૧૧૩/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં (૧) શેલ્ટર હાઉસ ફીશ માર્કેટમાં તેમજ (૨) છીપવાડ, હનુમાન મંદિર પાસે વરસાદી પાણીનો ભરાવો થાય તે વિસ્તારમાં પેવર બ્લોક નાખવાની કામગીરી ઠેકેદારશ્રી પૂનમ કન્સ્ટ્રકશન, બીલીમોરા દ્વારા વ્યવસાય વેરા ૨૦૧૯-૨૦ના મંજુર થયેલા ભાવોથી સ્થળ ઉપર કામગીરી કરેલ છે. સદરહું ઠેકેદારશ્રી દ્વારા કરેલ કામગીરીનું રૂ. ૩૦૨૪૭૧/- અંકે રૂ.ત્રણ લાખ,બે હજાર,ચારસો એકોતેર પુરાનું બીલ અત્રેની કચેરીએ આવેલ છે.સદરહું કરાવેલ કામગીરીને બહાલ રાખી, ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૯.

વિષય :- તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ ૧૪માં નાણાપંચની યોજના હેઠળ બચત રકમ રૂ.૫,૪૭,૭૦૦/-ના નવા કામોનું આયોજન કરવા બાબત..

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી ભરતભાઇ સી.પટેલ

ઠરાવ :

કા.સ.ઠ.નં-૧૨૩/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ , ના.સરકારશ્રી વર્ષ : ૨૦૧૮-૧૯ ના વર્ષની ૧૪ માં નાણાંપંચની યોજના ( પ્રથમ તેમજ બીજા હપ્તો ) હેઠળ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં જુદા જુદા સ્થળોએ પેવર બ્લોક બેસાડવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં પ્રસિધ્ધિ કરાવી ઓનલાઈન ટેન્ડરીગ કરવામાં આવતાં મુદત દરમિયાન કુલ-૦૫ ( પાંચ ) ટેન્ડરો આવેલ છે. ( ટેન્ડર આઈ.ડી.નં.-૪૩૦૬૧૧ ) સદરહું આવેલ ટેન્ડર ઓનલાઈન ટેન્ડર બીડનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે L1 ટેન્ડરરશ્રી પૂનમ કન્સ્ટ્રકશન, ચીખલી રોડ, બીલીમોરાનું ટેન્ડર એસ્ટીમેટની રકમ રૂ.૧,૪૯,૮૫,૮૦૦/-થી ૩૧.૭૭% નીચા ભાવથી આવેલ રકમ રૂ.૧,૦૨,૨૪,૮૧૧/- નીચા ભાવથી આવેલ ટેન્ડર કા.સ.ઠ.નં.-૨૭૨ / તા.:૧૨-૧૧-૨૦૨૦ થી મંજુર કરવામાં આવેલ છે. જે મંજુર થયા મુજબ એજન્સીને પત્ર તા.:૧૦-૧૨-૨૦૨૦ થી કુલ-૧૭ કામો કરવા અંગે વર્ક ઓર્ડર આપવામાં આવેલ. ઉપરોક્ત કામે એજન્સીનો તા.:૨૩/૦૨/૨૦૨૨ ના પત્રમાં જણાવ્યા મુજબ કુલ-૧૭ કામો પૈકી નીચે જણાવ્યા મુજબના ૦૨ કામો સ્થળ ઉપર શરૂ કરતાં સદરહું બંને વિસ્તારના રહીશો દવારા વિરોધ કરવામાં આવેલ છે.જેથી સ્થળ ઉપર કામગીરી શરૂ થઇ શકેલ નથી. જેથી સદરહું એજન્સીના આવેલ પત્ર અન્વયે નીચે જણાવેલ ૦૨ કામો રદ કરી નવા વિકાસલક્ષી કામો નક્કી કરવા તેમજ તે અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રી,ચેરમેનશ્રી-કારોબારી સમિતિ અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | કામનું નામ | વહીવટી મંજુરીની રકમ |
|---|---|---|
| ૧ | રામવાડી ૧ થી ૩ ની વચ્ચેની ગલીમાં પેવર બ્લોક બેસાડવાનું કામ. | ૧,૭૨,૧૦૦/- |
| ૨ | હાલર, મિશન કોલોની રીટાબેનના ઘરથી નરેશ બલસારીના ઘર (સુથારચાલ) સુધી પેવરબ્લોક બેસાડવાનું કામ. | ૩,૭૫,૬૦૦/- |
| | કુલ રકમ રૂા. | ૫,૪૭,૭૦૦/- |

સ.મ.મંજુર..

કામ નં.-૧૦.

વિષય :- તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ નામદાર સરકારશ્રીની SJMMSVY – UDP – 78 (2022-23) હેઠળ વરસાદથી નુકશાન પામેલ રસ્તાઓને રીપેરીંગ / રીસર્ફેશીંગ કરવાના કામો મંજૂર કરવા બાબત. (આઇ.ડી.૫૫૨૫૭૪)

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી ઉર્મિ એ.દેસાઇ

ઠરાવ :

કા.સ.ઠ.નં.૧૪૦/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગરના પત્રક્રમાંક: મફબ / SJMMSVY (UDP-78) / ન.પા.ઓ - ૧૫૬ / MMSSY – સૈદ્ધાંતિક / ૨૦૨૨ / ૧૬૩૪૩/ તા: ૦૭/૦૯/૨૦૨૨ થી નામદાર સરકારશ્રીની SJMMSVY – UDP - 78 મુખ્યમંત્રી શહેરી સડક યોજનાની ગ્રાન્ટ હેઠળ વરસાદથી નુકશાન પામેલ રસ્તાઓને રોડ રીસર્ફેસીંગ કરવાના કામે વલસાડ નગરપાલિકાને રૂા.૧.૦૦ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ. સદરહુ ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અન્વયે સરકારશ્રીની સુચના મુજબ તાકીદે ટેન્ડર પ્રક્રિયા કરી ભારેથી અતિભારે વરસાદના કારણે નુકશાન થયેલ રસ્તાઓને રીસર્ફેસીંગ કરવા જણાવેલ છે. તો આ કામો કરવા માટે આપ સાહેબશ્રીની સુચના મુજબ વરસાદથી નુકશાન પામેલ રસ્તાઓને રોડ રીસર્ફેસીંગ કરવા વલસાડ શહેરના મુખ્ય રસ્તાઓને રીપેરીંગ/રીસર્ફેસીંગ કરવાની તાકીદે કરવાના થાય છે. તો નીચે જણાવ્યા મુજબના ભારેથી અતિભારે વરસાદના કારણે નુકશાન થયેલ રસ્તાઓની યાદી નીચે મુજબ છે. સદરહુ કામો મંજુર કરી, તે અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રી , ચેરમેનશ્રી-કારોબારી સમિતિ અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | વિસ્તાર | રકમ |
|---|---|---|
| ૧ | આઝાદ ચોકથી શાકભાજી માર્કેટ વિસ્તાર અને આંબેડકર શોપીંગ વિસ્તારમાં રોડ રીસર્ફેસીગનું કામ | ૩૦,૫૫,૫૦૦ |
| ૨ | અબ્રામા, રામનગર થી વાલીયા પંપ થઈ ને.હા.નં.૪૮ ગિરીરાજ હોટલ સુધી રોડ રીસર્ફેસીંગનું કામ | ૭,૦૮,૮૦૦ |
| ૩ | છીપવાડ નાળાથી જગન્નાથ મંદિર થઈ જૈન મંદિર સુધી રોડ રીસર્ફેસીંગનું કામ | ૧૭,૦૧,૨૦૦ |
| ૪ | શાપુરનગર, પોલીસ ચોકીથી રાખોડિયા તળાવ થઈ રામજી મંદિર સુધી રોડ રીસર્ફેસીંગનું કામ | ૮,૮૩,૩૦૦ |
| ૫ | વલસાડ-પારડી પાણીની ટાંકીથી બ્રહ્મદેવ મંદિર સુધી રોડ રીસર્ફેસીંગનું કામ | ૧૯,૮૪,૭૦૦ |
| ૬ | અબ્રામા ઝોન ઓફિસ થી ફાટીયાની લારી થઈ વસંત ફળિયા થઈ પોલીસ હેડક્વાટર્સ સુધી રોડ રીસર્ફેર્સીંગનું કામ | ૮,૧૭,૯૦૦ |

સ.મ.મંજુર..

**જ.બો.ઠ.નં.૯૮/તા:૨૯/૧૦/૨૦૨૨**

કામ નં.-૧૧.

વિષય :- તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ જીલ્લા આયોજન મંડળ ધારાસભ્ય ફંડ ૨૨-૨૩ ની ગ્રાન્ટ હેઠળ બચત રકમની મળેલ સૈધાંતિક મંજુરી મુજબ ૩ કામો મંજુર કરવા બાબત.

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી ધર્મેશ અરવિંદભાઇ પટેલ

ઠરાવ :

કા.સ.ઠ.નં.૧૫૬/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ, નામદાર સરકારશ્રીની જિલ્લા આયોજન મંડળ હેઠળ માન.ધારાસભ્યશ્રી ગ્રાન્ટ (૨૦૨૨-૨૩) હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં જુદા-જુદા સ્થળોએ પેવરબ્લોક બેસાડવાના કામે જિલ્લા આયોજન કચેરી ,વલસાડના પત્રક્માંક : અજન/સૈ.મં./ધારાસભ્ય ફંડ/૬૩૮/૨૦૨૨-૨૩/તા.૧૭-૦૬-૨૦૨૨ થી ૧૮ કામોની રૂા.૪૪ ,૦૦,૦૦૦/- સૈધ્ધાંતિક મંજુરી મળેલ. સદરહુ મળેલ સૈધ્ધાંતિક મંજુરી મુજબ જિલ્લા આયોજન કચેરી ,વલસાડના પત્રક્માંક : અજન/ વ.મં./ધારાસભ્ય ફંડ/૭૧૯/૨૦૨૨-૨૩/તા.૦૧-૦૯-૨૦૨૨થી જરૂરી રૂા.૩૯,૪૭,૬૦૦/- પુરાની વહીવટી મંજુરી મળેલ. સદરહુ મળેલ વહીવટી મંજુરીના કામો કરવા માટે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં બહોળી પ્રસિધ્ધી કરાવી ઓનલાઈન ટેન્ડરીંગ (ટેન્ડર આઈ.ડી.નં-૫૫૦૦૫૭) કરવામાં આવતા મુદ્દત દરમ્યાન ફક્ત કુલ-૦૬ ટેન્ડરો આવેલ છે. સદરહુ કામે આવેલ ટેન્ડર ડોક્યુમેન્ટ ખુલ્લા કરવામાં આવેલ. સદરહુ ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડર ડોક્યુમેન્ટ કન્સલટન્ટશ્રી ક્રિષ્ણા કન્સલટન્ટ , આણંદ દ્વારા ચકાસણી કરતાં ક્વોલીફાઇડ થયેલ હોય, જેથી સદરહુ આવેલ ટેન્ડરરનું ઓનલાઈન ટેન્ડર બીડ તા.૦૩-૧૦-૨૦૨૨ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. સદરહુ ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરમાં જોતાં ટેન્ડરરશ્રી જીજ્ઞેશ કે.રાઠોડ , સેલવાસનું ટેન્ડર એસ્ટીમેઈટની રકમ રૂ ા.૪૧,૮૬,૯૦૦/- થી ૨૯.૦૦% નીચા ભાવથી આવેલ રકમ રૂ ા.૨૯,૭૨,૬૯૯/- પુરાનું ટેન્ડર આવેલ છે. જેથી સદરહુ આવેલ નીચા ભાવો મુજબ રૂા.૯,૭૪,૯૦૧/-પુરાની બચત થાય છે.તો સદરહું બચત રકમની અજન/સૈ.મં./ધારાસભ્ય ફંડ/૭૭૨/૨૦૨૨-૨૩/તા.૧૦-૧૦-૨૦૨૨ થી કુલ-૦૩ કામોની સૈધ્ધાંતિક મંજુરી આપેલ છે. તો નીચે જણાવ્યા મુજબના ૦૩ કામો મંજૂર કરી , તે અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રી , ચેરમેનશ્રી- કારોબારી સમિતિ અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ | મંજૂર કરેલ રકમ |
|---|---|---|
| ૧ | તીથલ રોડ પાણીની ટાંકી બી.આર.સી.ભવન સુધીનો ડામર રસ્તો. | ૪,૫૦,૦૦૦/- |
| ૨ | તીથલ રોડ મુખ્ય રસ્તાથી ગાયત્રી સોસાયટી ગેટ સુધીનો ડામર રસ્તો. | ૨,૫૦,૦૦૦/- |
| 3 | તીથલ રોડ મુખ્ય રસ્તાથી BRC પાસે પાણીની ટાંકી સુધી ડામર રસ્તાનું કામ. | ૪,૫૦,૦૦૦/- |

**સ.મ.મંજુર..**

કામ નં.-૧૨.

વિષય :- તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ શ્રી મોરારજી દેસાઈ ઓડીટોરીયમ હોલ તેમજ મ્યૂઝીયમમાં એ.સી. રીપેરીંગ તથા સર્વિસીંગ કરવામાં આવેલ. જે અંગેનો ખર્ચ રૂ.૩૮000/- પુરાનું મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી ઉર્મિ એ.દેસાઇ

ઠરાવ :

કા.સ.ઠ.નં.૧૬૦/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા સંચાલિત શ્રી મોરારજી દેસાઇ ઓડિટોરિયમ હૉલ તેમજ મ્યુઝિયમમાં એ.સી. લગાવવામાં આવેલ. સદરહુ એ.સી.ને ચકાસણી કરી જરૂરિયાત મુજબ સર્વિસ, રીપેરીંગ કરવાની જરૂરિયાત હોય તો સદરહુ કામે કા.સ.ઠ.નં.૨૨૭/ તા:૨૬/૦૯/૨૦૧૬ થી મંજુર થયા મુજબના ભાવથી એ.સી.રીપેરીંગ તથા સર્વિસીંગ કરવામાં આવેલ. સદરહુ કામ સાગર ડી.થોરાટ , નવસારી પાસે કરાવવામાં આવેલ. જે અંગે રૂા.૩૮ ,000/- અંકે રૂપિયા આડત્રીસ હજાર પૂરાનું બીલ આવેલ છે. જે ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૧૩.

વિષય :- તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા-વલસાડ બાંધકામ શાખાના જેસીબી નં. GJ-15 G-1236 માં જરૂરી સર્વિસ તેમજ સામાન નાખવાની જરૂર હોય, જે અંગેનું નીલકંઠ સ્પેર્સ, અબ્રામા,વલસાડ દ્વારા રૂ.૧૨0000/-પૂરાનો એસ્ટીમેઈટ મંજુર કરી કામગીરી કરાવવા મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી ભરતભાઇ સી.પટેલ

ઠરાવ :

કા.સ.ઠ.નં.૧૬૩તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા-વલસાડ બાંધકામ શાખા દ્વારા સ્થાનિક કામ અંગે, જેસીબી ગાડી નં- GJ-15-G-1236 સ્થાનિક સ્થળ પર મોકલવામાં આવે છે. પરંતુ જેસીબીમાં જરૂરી સર્વિસ કરાવવા માટે સ્થાનિક બજારમાં આવેલ દુકાનમાં લઈ જવામાં આવતા જરૂરી સામાન નાંખવાની જરૂર હોય , તે અંગે શ્રી નીલકંઠ સ્પાર્ક્સ દ્વારા તા:૦૯/૦૯/૨૦૨૨ થી રૂા.૧ ,૨૦,૦૦૦/- પુરાનો એસ્ટીમેઈટ આપવામાં આવેલ છે. જે મંજુર કરી ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૧૪.

વિષય :- તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ વોર્ડ નં.-૮,તીથલ રોડ, ગીતાંજલિ સોસાયટી સામે આવેલ પોકેટ ગાર્ડનને " શ્રી રંગ વિશ્વ વાટીકા "નામ આપવા બાબત..

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી ઉર્મિ એ.દેસાઇ

ઠરાવ :

કા.સ.ઠ.નં.૧૬૪/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વોર્ડ નં-૮ ના રહેવાસીઓ તેમજ ગીતાંજલી સોસાયટી , રવિન્દ્ર નગર સોસાયટી , તેમજ શ્રી રંગઅવધૂત પરિવાર , વલસાડની આવેલ અરજીમાં જણાવ્યા પ્રમાણે વલસાડ નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ પોકેટ ગાર્ડનને નારેશ્વરના સંતશ્રી રંગ અવધૂત મહારાજ આઝાદીના લડવૈયા તેમજ પુ.શ્રી ગાંધીજીના રાષ્ટ્રીય ચળવળના ભેખધારી સંત મહાત્માના નામે સદરહુ ગાર્ડનનું નામકરણ કરવા અનુરોધ કરેલ છે. જેને ધ્યાને લઈ સરકારશ્રી દ્વારા લોકોના માટે બનાવવામાં આવેલ ગાર્ડનનું નામ એક મહાત્માના નામે રાખવાની ઈચ્છા ધરાવેલ હોય, જેના નામકરણ કરવા બાબતે નીતિવિષયક નિર્ણય કરવાનો થાય છે . જેથી અરજદારશ્રી તરફથી સદરહુ ગાર્ડનનું ઓ.એન્ડ એમ. એમના ખર્ચે કરવાની શરતે નામકરણ કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**જ.બો.ઠ.નં.૧૦૨/તા:૨૯/૧૦/૨૦૨૨**

કામ નં.-૧૫.

વિષય :- તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ કિરણ ઇલેક્ટ્રિકલ વડોદરાનું સ્ટ્રીટ લાઇટ નાખવાના કામે ૧૪ માં નાણાંપંચ યોજના હેઠળ બચત રકમ અંગે જરૂરી કામગીરી કરાવવા જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી ધર્મેશ એ.પટેલ

ઠરાવ :

કા.સ.ઠ.નં.૧૮૫/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ , નામદાર સરકારશ્રીની ૧૪મું નાણાપંચની યોજના (૨૦૧૮-૨૦૧૯) હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં તીથલ રોડ,ડી.એસ.પી.ઓફિસથી M- square બિલ્ડીંગ, જકાતનાકા સુધી રસ્તાની મધ્યમાં સ્ટ્રીટ લાઈટ નાખવાના કામે, નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં બહોળી પ્રસિધ્ધિ કરાવી ઓનલાઈન ટેન્ડરીંગ(ટેન્ડર આઈ.ડી..નં.-૪૩૪૮૮૫)કરવામાં આવતા ટેન્ડરર શ્રી કિરણ ઇલેક્ટ્રિક, વડોદરાનું ટેન્ડર એસ્ટીમેટની રકમ રૂા.૪૬,૭૭,૪૦૦/-થી ૩૯.૧૧% નીચા ભાવથી આવેલ રકમ રૂા.૨૮,૪૮,૦૬૮.૮૬/- ટેન્ડર કા.સ.ઠ.નં.-૨૯૧ / તા.:૧૪-૧૨-૨૦૨૦ થી મંજુર કરવામાં આવેલ. સદરહું કામે વલસાડ નગરપાલિકા હદમાં આવેલ દશેરા ટેકરી જકાત નાકાથી ઔરંગા નદી તરફ જતાં સ્ટેટ હાઇવે રોડ કે જે વલસાડ શહેરમાં આવવા માટે પ્રવેશ થતો રોડ છે અને સદરહું રોડ ઉપર સ્ટ્રીટ લાઈટના પોલ મુકવામાં આવે તો શહેરની સુંદરતા વધારો થાય એમ છે. અને શહેરીજનોને રસ્તા ઉપર લાઈટની સુવિધા મળે તો અકસ્માતના બનાવો નહી સર્જાય એવા શુભ આશયથી સદરહું જણાવેલ રોડ ઉપર નગરપાલિકા દવારા સ્ટ્રીટ લાઈટ ના પોલ નાખવાની જરૂરિયાત હોય. ઉપરોક્ત બાબતને ધ્યાને લઇ નગરપાલિકા હદમાં આવેલ દશેરા ટેકરી જકાત નાકાથી ઔરંગા નદી તરફ જતાં રોડની મધ્યમાં સ્ટ્રીટ લાઈટના પોલ મુકવા અંગે ઉપરોક્ત જણાવેલ નામદાર સરકારશ્રીની યોજના હેઠળ મુકવામાં આવેલ સ્ટ્રીટ લાઈટના પોલ નાખવામાં કામે માર્ગ અને મકાન વિભાગના ગાંધીનગરના ઠરાવ ક્રમાંક :TNC.10-2017-01-C,તા.:૧૧-૦૭-૨૦૧૭ના પત્રમાં જણાવ્યા મુજબ એજન્સી પાસેથી ૧૦% ની મર્યાદામાં ટેન્ડરમાં જણાવેલ આઈટમના જથ્થામાં વધારો કરી કામગીરી કરાવી શકાય એમ છે. તો સદરહું કામે ટેન્ડર સ્પેશીફીકેશન મુજબ દશેરા ટેકરી જકાત નાકાથી ઔરંગા નદી તરફ જતાં સ્ટેટ હાઇવે રોડની મધ્યમાં ટેન્ડરરશ્રી કિરણ ઇલેક્ટ્રિકલ્સ,વડોદરા પાસેથી કામગીરી કરાવવા તેમજ તે અંગેનો થનાર ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

જ.બો.ઠ.નં.૧૦૩/તા:૨૯/૧૦/૨૦૨૨

કામ નં.-૧૬.

વિષય :- તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ અમૃત યોજના હેઠળ ૧૦% ફાળો જમા કરવા બાબત..

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી ઉર્મિ એ.દેસાઇ

ઠરાવ :

કા.સ.ઠ.નં.૧૨૫/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ ,ના.સરકારશ્રીની અમૃત ૨.૦ યોજના તા.:૦૧/૧૦/૨૦૨૧ ના રોજ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાહેબ દવારા લોન્ચ કરવામાં આવી જે અંતર્ગત ગુજરાત શહેરી વિકાસ મિશન દવારા ગુજરાતના દરેક જીલ્લામાં વિવિધ પ્રોજેક્ટ મંજુર કરવામાં આવેલ છે. ગુજરાત શહેરી વિકાસ મિશન ગાંધીનગર ખાતે તા.:૧૨/૦૪/૨૦૨૨ ના રોજ લેવામાં આવેલ " સ્ટેટ હાઈ પાવર સ્ટેયરીંગ "(SHPC)કમિટીમાં વલસાડ નગરપાલિકા ખાતે અમૃત ૨.૦ સ્વેપ-૧ તેમજ અમૃત સરોવરમાં વિવિધ સેક્ટરમાં પ્રોજેક્ટ મંજુર કરવામાં આવેલ છે.સદરહું મંજુર કરવામાં આવેલ પ્રોજેક્ટમાં અમૃત ૨.૦ મિશન ગાઈડ લાઈન મુજબ પ્રોજેક્ટ માટે મંજુર થયેલ ફંડની પેટર્ન GOI ( ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા ) : GOG (ગવર્નમેન્ટ ઓફ ગુજરાત ) : ULB ( અર્બન લોકલ બોડી )= ૩૩% : ૫૭% : ૧૦% ની છે.જે અન્વયે અમૃત ૨.૦ સ્વેપ-૧માં મંજુર થયેલ તમામ પ્રોજેક્ટની ૧૦% તેમજ ઓપરેશન અને મેઈન્ટેનન્સ રકમ અત્રેની કચેરી દવારા ફાળવવાના થાય છે. આ અંગે કામોની સામે ૧૦% ફાળાની રકમ તેમજ ઓપરેશન અને મેઈન્ટેનન્સ રકમ નીચે મુજબ કોષ્ટકમાં દર્શાવવામાં આવેલ છે.

| ક્રમ | સેક્ટર | પ્રોજેક્ટ (અમૃત ૨.૦ સ્વેપ-૧) | પ્રોજેક્ટ કોસ્ટ ઓપરેશન અને મેઈન્ટેનન્સ સાથે | ૧૦% ફાળો (ઓપરેશન અને મેઈન્ટેનન્સ સાથે) |
|---|---|---|---|---|
| ૧ | વોટર સપ્લાય | (અગમેન્ટેશન ઓફ વલસાડ વોટર સપ્લાય સ્કીમ એટ વલસાડ | ૭.૫૫ કરોડ | ૧,૮૯,૫૦,૦૦૦/- |
| ૨ | સુવેઝ અને સેપ્ટેઝ | કન્સ્ટ્રકશન ઓફ ડ્રેનેજપમ્પીંગ સ્ટેશન અને નેટવર્ક અબ્રામા વાવ ફળિયા, વલસાડ. | ૫.૦૦ કરોડ | ૧,૧૩,૦૦,૦૦૦/- |
| ૩ | ગાર્ડન | રી-ડેવલપમેન્ટ of હાલર ગાર્ડન ઇન વલસાડ સીટી | ૦.૪૫ કરોડ | ૯,૫૦,૦૦૦/- |
| ૪ | વોટર બોડી રેજુવેનેશ | રેજુવેનેશ ઓફ વોટર બોડીસ મોટા તળાવ મોગરાવાડી વલસાડ | ૧.૨૦ કરોડ | ૪૨,૦૦,૦૦૦/- |
| ૫ | અમૃત સરોવર | મોટા તળાવ | ૫.૪૦ કરોડ | ૧,૩૫,૦૦,૦૦૦/- |
| કુલ રકમ.. | | | | ૪,૮૯,૦૦,૦૦૦/- |

જે અન્વયે ૧૦% ફાળાની રકમ પેટે ૪,૮૯,૦૦,૦૦૦/-(અમૃત ૨.૦ ના નવા એકાઉન્ટ(AXIS BANK))માં જમા કરવાની થાય છે. જે અંતર્ગત ૧૫માં નાણાપંચ/અન્ય આવનાર ગ્રાન્ટમાંથી ૧૦% રકમ રૂ|.૪,૮૯,૦૦,૦૦૦/- અમૃત એકાઉન્ટમાં જમા કરાવવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૧૭.

વિષય :- તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ નવીન નગર સેવા સદનની બાજુમાં આવેલ મલ્ટીલેવલ પાર્કિંગના દર બાબત..

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી સતિષભાઇ બી.પટેલ

ઠરાવ :

કા.સ.ઠ.નં.૧૫૯/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ , સરકારશ્રીની અમૃત યોજના હેઠળ નવીન નગર સેવા સદનની બાજુમાં આવેલ ટી.પી.ફા.પ્લોટ નં-૧૨૦/૧ વાળી જગ્યામાં ગ્રાઉન્ડ ફ્લોર + પ્રથમમાળનું આર.સી.સી. મલ્ટીલેવલ પાર્કિંગ બનાવવાનું કામ મંજૂર કરવામાં આવેલ છે. અને સદરહુ પાર્કિંગનું લોકાપર્ણ હાલે કરવામાં આવેલ છે. જેથી સદરહું મલ્ટીલેવલ પાર્કિંગને કાર્યરત કરવાનું જરૂરી આયોજન કરવાનું થાય છે. જેથી સદરહુ બાબતે જરૂરી 'પે એન્ડ પાર્કિંગ' શરૂ કરવા માટે જરૂરી પાર્કિંગ દર તેમજ શરતો જનરલ બોર્ડ ઠરાવ નં. ૬૦/તા.:૨૯-૦૭-૨૦૨૨ થી મંજુર કરવામાં આવેલ છે. જે અન્વયે નગરપાલિકા દવારા સદરહું પાર્કિંગને લગતી સેવાઓ મુકરર દરે પૂરી પાડવા માટે માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં જાહેરાત આપી ઓનલાઈન ટેન્ડરના બે પ્રયત્નો કરવા છતાં કોઈપણ એજન્સી દવારા ટેન્ડર ભરવામાં આવેલ નથી. જેથી વલસાડને ખુબ જ મોટું આર્થિક નુકશાન થાય છે. જેથી સદરહું પાર્કિંગ તાત્કાલિક ધોરણે હાલે દિવાળીની સીઝન નજીક હોય કાર્યરત કરવું ખુબજ જરૂરી અને અત્યંતને આવશ્યક છે.

વિશેષમાં,વલસાડ નગરપાલિકા હદમાં સ્ટેશન રોડ વિસ્તારમાં આવેલ નગરપાલિકા હસ્તકના ટી.પી.ફા.પ્લોટ નં.૧૨૭ વાળા ખુલ્લા પાર્કિંગ પ્લોટમાં " પે એન્ડ પાર્ક " માટે નિયત કરેલ જગ્યામાં પાર્કિંગને લગતી સેવાઓ મુકરર દરે પૂરી પાડવા માટે બીજા પ્રયત્ને ઓનલાઈન ટેન્ડર કરવામાં આવતા રવિન્દ્ર દિનેશભાઈ જોશી, ૫/૩ રંગ મંદિર,એપાર્ટમેન્ટ,ઉમરવાડા,સુરત દવારા નગરપાલિકા દવારા નિયત કરવામાં આવેલ ટેન્ડરમાં વાર્ષિક પરવાનાની ફી રૂ.૫,૬૨,૧૦૦/-પુરા કરતાં અંદાજે ૦૯.૬૦૮% વધુ ભાવ એટલે કે વાર્ષિક પરવાની ફી રૂ.૫,૮૫,૦૦૦/-પુરાની રકમ આવેલ છે. જેથી નગરપાલિકા દવારા નિયત કરવામાં આવેલ ઓનલાઈન ટેન્ડરમાં જણાવેલ ૦૩(ત્રણ) વર્ષની મુદત માટે એજન્સી દવારા કુલ રૂ.૧૭,૫૫,૦૦૦/- પુરા દર્શાવેલ છે. જેમાં નગરપાલિકા દવારા બીજા પ્રયત્ને ટી.પી.ફા.પ્લોટ નં.-૧૨૦ /૧વાળી જગ્યામાં ગ્રાઉન્ડ ફ્લોર+પ્રથમ માળનું આર.સી.સી.મલ્ટી લેવલપાર્કિંગનું ટેન્ડર સદરહું એજન્સી દવારા તા.:૧૦/૧૦/૨૦૨૨ ના પત્રમાં જણાવ્યા મુજબ નગરપાલિકા દવારા નિયત કરવામાં આવેલ ટેન્ડરમાં મલ્ટીલેવલ પાર્કિંગની વાર્ષિક પરવાના ફી જે નક્કી કરેલ એ આવક કરતાં ખુબજ વધારે હોવાથી સદરહું એજન્સી દવારા ટેન્ડર ભરવામાં આવેલ નથી એવી જાણ કરેલ છે. અને સદરહું એજન્સીએ નગરપાલિકાના મલ્ટી લેવલ પાર્કિંગને હંગામી ધોરણે શેરીંગ પદ્ધતિથી ફાળવવા માટે સૂચન કરેલ છે.

વિશેષમાં ઉપરોકત હકીકતને ધ્યાને લેતાં નગરપાલિકા દવારા ટી.પી.ફા.પ્લોટ નં.૧૨૦/૧ વાળી જગ્યામાં ગ્રાઉન્ડ ફ્લોર+પ્રથમ માળનું આર.સી.સી.મલ્ટીલેવલ પાર્કિંગને હંગામી ધોરણે એટલે કે ૦૬ માસ સુધીના કે મલ્ટીલેવલ પાર્કિંગના લગતી સેવાઓ મુકરર દરે પૂરી પાડવા અંગે કોઈ એજન્સી નક્કી ન થાય ત્યાં સુધીના સમય માટે સદરહું એજન્સી પાસેથી ઉપરોક્ત મલ્ટીલેવલ પાર્કિંગના ૫૦%શેરીંગ પદ્ધતિથી

ઈજારો હંગામી ધોરણે આપવામાં આવે તો નગરપાલિકાના ખરેખર મલ્ટીલેવલ પાર્કિંગ સેવાનો ચોક્કસ આવકનો આંકડો મળી શકે તેમ છે. સદરહું બાબતે નિયમોનુસાર આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૧૮.

વિષય :- અમૃત યોજના સને ૨૦૧૬-૧૭ ના વર્ષની ઓવર બ્રિજથી ધરમપુર ચોકડી સુધી ફૂટપાથ અને સાઇકલ ટ્રેકની વધારાની કામગીરી અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી કિરણભાઈ બી.પટેલ

ઠરાવ :

કા.સ.ઠ.નં.૧૮૭/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ, નામદાર સરકારશ્રીની અમૃત યોજના સને : ૨૦૧૬-૧૭ ના વર્ષ દરમ્યાન ઓવરબ્રીજ થી ધરમપુર ચોકડી સુધી ફૂટપાથ અને સાઈકલ ટ્રેક બનાવવાના કામ બાબત આપશ્રીનું ટેન્ડર કારોબારી સમિતી ઠરાવ નં. ૧૯૫/ તા. ૨૪/૦૯/૨૦૧૮થી ટેન્ડર એસટીમેન્ટ કોસ્ટ રૂ. ૩૫૪૪૬૭૫૮.૭૩ કરતાં ૧૯.૨૬% નીચા ભાવથી રૂ. ૨૮૬૧૯૭૧૨.૭૩ થી મંજૂર કરવામાં આવેલ છે. જે અન્વયે નગરપાલિકા દ્વારા તા. ૨૫/૧૧/૨૦૧૮ ના વર્ક ઓર્ડર ૧૨ મહિનાના સમયગાળા માટે આપવામાં આવેલ છે. તથા આપશ્રીને કારોબારી સમિતી ઠરાવ નં. ૮૪/ તા. ૨૦/૦૭/૨૦૧૯થી ૬ મહિનાની સમય વધારાની મંજૂરી તા. ૨૫/૦૫/૨૦૨૦ કરવામાં આવેલ હતો. ત્યારબાદ સરકારના નિયમોનુસાર કોરોના મહામારીના કારણે ૬ મહિનાની સમય વધારો આપતા તા. ૨૫/૧૧/૨૦૨૦ કરવામાં આવેલ હતો.

વધુમાં , એજન્સી ના તા. ૨૯/૦૬/૨૦૨૧ ના પત્રમાં સમય મર્યાદામાં વધારો કરવા જણાવેલ છે. જે હકીકતને ધ્યાને લેતા સદરહુ કામગીરી માર્ગ અને મકાન વિભાગ હસ્તકના રોડ પર ચાલી આવેલ છે. જે અંતર્ગત નાયબ કાર્યપાલક ઈજનેર , માર્ગ અને મકાન વિભાગ , વલસાડ દ્વારા સદરહુ કામગીરી શરૂ કરતાં વારંવાર સ્થળ પર કામગીરી અટકાવવામાં આવતા કામગીરીમાં વિલંબ થયેલ છે. જે અંતર્ગત તા. ૨૬/૧૦/૨૦૨૦ ના રોજ મે. કલેક્ટર સાહેબશ્રીના અધ્યક્ષ સ્થાને થયેલ સંકલન મીટીંગમાં થયેલ ચર્ચા મુજબ નાયબ કાર્યપાલક ઈજનેર , માર્ગ અને મકાન પેટા વિભાગ દ્વારા જા.નં. પીબી/૯૩૪/૨૦૨૦ , તા.૨૬/૧૦/૨૦૨૦ થી ધરમપુર અબ્રામા રોડ પર રોડના મધ્યથી ૧૧.૦૦ મીટર થી ૧૫.૦૦મીટર માં બ્યુટીફીકેશનની કામગીરી કરવા માટે પરવાનગી આપવામાં આવેલ છે. તથા મંજૂર થયેલ જગ્યા ઓવરબ્રીજ થી ધરમપુર ચોકડી સુધી જતાં રોડની બન્ને બાજુએ માર્ગ અને મકાન વિભાગ ,વલસાડની હયાત બોક્ષ ડ્રેઇન બનાવવામાં આવેલ છે. જે હાલે કાર્યરત નથી તેમજ અમુક સ્થળ પર બોક્ષ ડ્રેઇન બનાવવામાં આવેલ નથી સદરહુ બાબતે માર્ગ અને મકાન વિભાગ ,વલસાડ સાથે મૌખિક ચર્ચા કરતા તેમજ કન્સલ્ટન્ટ , નગરપાલિકા કચેરીએથી સ્થળ તપાસ કરતાં જણાય આવેલ છે. જે માટે ભવિષ્ય માં વરસાદી પાણીના નિકાલ માટે ત્યાં સ્ટ્રોમ લાઇન નાખવી આવશ્યક છે તથા ફૂટપાથ તેમજ સાઇકલ ટ્રેક ને સમાંતર જે છોડવા તેમજ વૃક્ષ રોપવામાં આવશે તેના માટે પાણીની ડ્રીપલાઇન નાખવી જરૂરી છે જેથી તેનો યોગ્ય ઉછેર થઈ શકે છે તથા છોડવા તેમજ વૃક્ષની જાળવણી માટે રેલીંગ કરવી પડે તેમ છે. જે માટેના વધારાની કામગીરી દરખાસ્ત અત્રેની કચેરી એથી તા. ૧૯/૦૧/૨૦૨૧ ના રોજ ગુજરાત શહેરી વિકાસ મિશન, ગાંધીનગર ખાતે જરૂરી આગળની મંજૂરી મેળવવા અર્થે અત્રેની કચેરીએથી દરખાસ્ત સાદર કરેલ છે. અને હાલે સદરહુ દરખાસ્ત ગુજરાત શહેરી વિકાસ મિશન , ગાંધીનગર ખાતે પત્રક્રમાંક: G.U.D.M./GUDM/AMRUT/7th E&E/828, તા. ૨૪/03/૨૦૨૨ થી રૂ. ૩૨૩૧૩૬૧૯.૯૦ મંજૂર કરેલ છે.

જે અન્વયે સદરહુ રોડની શોભામાં વધારો કરવા તેમજ પાર્કીંગની સુવિધા કરવાના શુભ આશયથી રોડ લેવલ પર પેવર બ્લોક નાખવામાં આવેલ. જે અંતર્ગત તા.૦૭/૦૬/૨૦૨૨થી કન્સલટન્ટશ્રી ધવલ એંજીનીયર્સ, ગાંધીનગર દ્વારા કુલ રૂ.૩૪૧૫૩૭૫૧.૬૫ની કામગીરી કરવા માટેનું પ્રમાણપત્ર આપેલ હોય , જે અંતર્ગત કુલ રૂ. ૧૮ ,૪૦,૧૩૧.૭૫ની વધારાની કામગીરી મંજૂર કરવા તેમજ ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૧૯.

વિષય :- તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ  હાઉસ ટેક્ષ ડીપાર્ટમેન્ટમાં સને ૨૦૨૨-૨૩ ના વર્ષના  માંગણા બીલો કરદાતાઓને સમયસર મળી  રહે તે માટે હેપ્પી ઝેરોક્ષમાંથી માંગણા બિલોની કોપી કઢાવેલ જેનું આવેલ બીલ રૂ.૪૦,૦૦૦/-નું મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી ઉર્મિ એ.દેસાઇ

ઠરાવ :

કા.સ.ઠ.નં.૯૭/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ,  હાઉસ ટેક્ષ ડીપાર્ટમેન્ટમાં સને ૨૦૨૨-૨૩ ના વર્ષના  માંગણા બીલો કરદાતાઓને સમયસર મળી  રહે તે માટે હેપ્પી ઝેરોક્ષમાંથી માંગણા બિલોની કોપી કઢાવેલ  હોય, તેનું આવેલ બીલ નં.-૩૧૩ તા.: ૧૫/૦૬/૨૦૨૨ નું રૂ.૪૦,૦૦૦/- અંકે રૂ.ચાલીસ હજાર પુરાનું  ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે

સ.મ.મંજુર..

કામ નં.-૨૦.

વિષય :- તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ મ્યુની.હોસ્પીટલમાં સ્ત્રી કામદાર તરીકે શ્રીમતી નીરૂબેન મણીલાલ સોલંકી કાયમી કર્મચારી તરીકે ફરજ બજાવતા હતા. તેમણે તા.:૨૦/૦૭/૨૦૨૧ના રોજની સ્વેચ્છિક નિવૃત્તિ મંજુર કરવા અંગેની આવેલ અરજી અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ
ટે.આ : શ્રી પ્રવીણભાઇ એસ.પટેલ

ઠરાવ :

કા.સ.ઠ.નં.૧૨૦/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ , મ્યુની.હોસ્પીટલમાં સ્ત્રી કામદાર તરીકે તા.:૨૯-૧-૧૯૯૪ થી શ્રીમતી નીરૂબેન મણીલાલ સોલંકી કાયમી કર્મચારી તરીકે ફરજ બજાવતા હતા. ત્યાર બાદ સદરહું કર્મચારી તા.:૩૧-૧૨-૨૦૧૯ પછી સતત ફરજ ઉપર ગેરહાજર રહેલ છે. તેઓની નિવૃત્તિ તા:૨૮/૦૨/૨૦૨૨ છે. ઉપરોક્ત પૂર્વ મંજુરી વિના ગેરહાજરી અંગે GCSR જોગવાઈ મુજબ નિયમોનુસારની આગામી કાર્યવાહી હાથ ધરી જરૂરી નિર્ણય લેવાની સત્તા મુખ્ય અધિકારીશ્રી અને પ્રમુખશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.-૨૧.</u>

<u>વિષય :-</u> તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા સંચાલિત મ્યુની. હોસ્પિટલમાં કાયમી સફાઈ કામદાર તરીકે સ્વ.સતીષભાઈ બાબુભાઈ ગળીયલ ફરજ બજાવતાં હતા.તેમનું તા.:૧/૦૨/૨૦૨૨ ના રોજ અવસાન થયેલ છે.તેમની વિધવા પત્ની ગં.સ્વ.સોનલબેન સતીષભાઈ ગળીયલને રહેમરાહે સફાઈ કામદાર તરીકે નોકરી આપવા અંગેના આવેલ કામે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી પ્રવીણભાઇ એસ.પટેલ

<u>ઠરાવ :</u>

કા.સ.ઠ.નં.૧૬૨/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ , ના.ગુજરાત સરકાર શ.વિ.અને શ.ગૃહ.નિ.વિભાગના ઠરાવ ક્રમાંક : નપમ/૧૨૨૦૧૭/ચીફ/૨૮/૨૦૦૨ સચિવાલય , ગાંધીનગરના તા:૧૮/૧૦/૨૦૧૭ ના આદેશ મુજબ વર્ગ-૪માં કાયમી કર્મચારી તરીકે નિમણુંક પામેલા કર્મચારીના ચાલુ ફરજ દરમ્યાન મૃત્યુ પામનાર કર્મચારીના વારસદારોને રહેમરાહે નોકરી આપવાની જોગવાઇઓને ધ્યાને લેતા વલસાડ નગરપાલિકા મ્યુનિ. સંચાલિત હોસ્પીટલમાં કાયમી સફાઈ કામદાર તરીકે સ્વ. સતિષભાઇ બાબુભાઇ ગળીયલ ફરજ બજાવતા હતા. તેમનું તા:૦૧/૦૨/૨૦૨૨ ના રોજ માંદગીને કારણે આકસ્મિક મૃત્યુ થયેલ હતું. સદરહુ મરણ પામનાર કર્મચારીના વિધવા પત્ની ગં.સ્વ. સોનલબેન સતિષભાઇ ગળીયલએ રહેમરાહે નોકરી મેળવવા અંગે અરજી કરેલ. જે ધ્યાને લેતા તથા જરૂરી આધાર પુરાવાની ચકાસણી કરતાં વારસદાર તરીકે તેમના પત્નીને રહેમરાહે નોકરી મળવાપાત્ર જણાય છે. ના.સરકારશ્રીના ઠરાવની જોગવાઈ મુજબ તેમને સ્ત્રી સફાઈકામદાર તરીકે નોકરી આપવા અંગે જરૂરી નિયમોનુસાર ની દરખાસ્ત પ્રાદેશિક કમિશ્નરશ્રી કચેરી,સુરતને સાદર રજુ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૨૨.

વિષય :- તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ હિતેન્દ્ર ઇલેક્ટ્રિક વર્કસ,વલસાડનું બીલ રૂ.૫૩,૫૦૨/-મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ
ટે.આ : શ્રી નિતેશભાઈ એમ.વશી

ઠરાવ :

કા.સ.ઠ.નં.૧૦૯/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાના ડ્રેનેજ શાખા દ્વારા બનાવવામાં આવેલ પમ્પિંગ સ્ટેશનો પૈકી મિશન કોલોની પમ્પિંગ સ્ટેશન ઉપર મૂકવામાં આવેલ ૩૦ એચ.પી.ની મોટોરોની રિવાઇંન્ડીગ કરવા અર્થે વો.વ.ક.ઠ.નં.૬૧/તા.:૧૮-૦૫-૨૦૧૩ ના મંજૂર થયેલ ભાવોથી,૩૦ એચ.પી.નીમોટર નંગ-૨,તાત્કાલિક રિપેરિંગ કરવાની જરૂરિયાતને ધ્યાને લઈ હિતેન્દ્ર ઇલેક્ટ્રીક વર્કસ, વલસાડ પાસે કામગીરી કરાવવામાં આવેલ છે. જે અંગે ઇન.નં.૧૦૧/તા.:૧૮/૧૨/૨૦૨૧થી રૂા.૫૩,૫૦૨/- અંકે ત્રેપન હજાર પાચસો બે પુરાનું બીલ અત્રે આવેલ છે. જે અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૨૩.

વિષય :- તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારના ડ્રેનેજ શાખાના સને – ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે મંજુર થયેલ ભાવોથી ફ્રેમ / કવર,ઢાંકણો ખરીદી કરેલ જેનું આવેલ બીલ રૂ.૨,૯૯,૭૫૦/- મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી રમેશભાઈ એમ.પટેલ

ઠરાવ :

કા.સ.ઠ.નં.૧૧૦/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જુદા જુદા વિસ્તારોમાં વિવિધ જગ્યાઓએ ડ્રેનેજ લાઇન ઉપર મુકવામાં આવેલ ફ્રેમ/કવર ,ઢાકણો તૂટી ગયેલ છે અને આ બાબતે વારંવાર સભ્યોશ્રી તથા સ્થાનિક રહીશો દ્વારા ફ્રેમ/કવર ,ઢાકણો બદલવા તથા નવા મૂકવા માટેની રજૂઆતોને તેમજ દૈનિક પેપરમાં આવતા ન્યુજોને ધ્યાને વલસાડ નગરપાલિકાના ડ્રેનેજ શાખાના સને-૨૦૨૦-૨૧ ના વર્ષ માટે મંજુર થયેલ ભાવોથી ફ્રેમ/કવર ,ઢાકણો ખરીદ કરવા માટે દૈનિક પેપરમાં જાહેરાત આપી ઇ-ટેન્ડર પધ્ધતિથી ટેન્ડરો મંગાવવાની કામગીરી કરવામાં આવેલ છે. સદરહુ આવેલ ટેન્ડરો પૈકી સ્થાનિક વેપારી એવા વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોરના ભાવો ઓછા આવેલ છે. તેમજ હિરેન સેનેટરીના અનુક્રમ નંબર : ૧૧ તથા ૧૨ માં દર્શાવેલ આઇટમોના ભાવો ઓછા આવેલ છે.પરંતુ ઉપરોક્ત જણાવેલ વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોરના ભાવોમાં અનુક્રમ નંબર : ૧૧ તથા ૧૨ માં દર્શાવેલઆઇટમોના ભાવો જે હિરેન સેનેટરીના ઓછા છે તે ભાવોથી માલસામાન સપ્લાય કરવા માટે તા.:૧૮/૦૨/૨૦૨૧ થી સંમતી આપેલ છે. જેને ધ્યાને લઈ હાલે વલસાડ નગરપાલિકા પાસે સ્ટોક ખુબજ ઓછો હોય તેમજ હાલે ચોમાસાની ઋતુનો હોય કોઈ અનિછનીય બનાવ ન બને તેવા શુભ આશયને ધ્યાને લઈ મંજૂર થયેલ ભાવોથી ટેન્ડર આઈટમ નંબર :૧૧ માં દર્શાવેલ ૬૦૦ એમ.એમ. x ૭૦ એમ.એમ.ડાયા એફ.આર.પી.રાઉન્ડેડ હેવી ડ્યૂટી ફ્રેમ કવર સાથે નંગ-૧૨૫ તેમજ ટેન્ડર આઈટમ નંબર :૧૨ માં દર્શાવેલ એફ.આર.પી. સ્કેવર હેવી ડ્યૂટી ફ્રેમ કવર ૬૦૦ x ૬૦૦ x ૭૦ એમ.એમ.ના નંગ-૧૨૫ ની જરૂરિયાત હોય મંજૂર થયેલ ભાવોથી માલસામાન ખરીદી કરવામાં આવેલ છે. સદરહુ ખરીદીનું એજંસીનું આવેલ બિલ નંબર.:૧૯૭ / તા.:૯-૯-૨૦૨૨નું રૂા.૨,૯૯,૭૫૦/- અંકે બે લાખ નવ્વાણુ હજાર સાતસો પચાસ પુરા નો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૨૪.

વિષય :- તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારના ડ્રેનેજ શાખાના સને – ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે મંજુર થયેલ ભાવોથી ફ્રેમ / કવર, ઢાંકણો ખરીદી કરેલ જેનું આવેલ બીલ રૂ.૩,૦૬,૦૦૦/-મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી રમેશભાઈ એમ.પટેલ

ઠરાવ :

કા.સ.ઠ.નં.૧૧૧/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જુદા જુદા વિસ્તારોમાં વિવિધ જગ્યાઓએ ડ્રેનેજ લાઇન ઉપર મુકવામાં આવેલ ફ્રેમ/કવર ,ઢાકણો તૂટી ગયેલ છે અને આ બાબતે વારંવાર સભ્યોશ્રી તથા સ્થાનિક રહીશો દ્વારા ફ્રેમ/કવર ,ઢાકણો બદલવા તથા નવા મૂકવા માટેની રજૂઆતોને તેમજ દૈનિક પેપરમાં આવતા ન્યુજોને ધ્યાને વલસાડ નગરપાલિકાના ડ્રેનેજ શાખાના સને-૨૦૨૦-૨૧ ના વર્ષ માટે મંજુર થયેલ ભાવોથી ફ્રેમ/કવર ,ઢાકણો ખરીદ કરવા માટે દૈનિક પેપરમાં જાહેરાત આપી ઇ-ટેન્ડર પધ્ધતિથી ટેન્ડરો મંગાવવાની કામગીરી કરવામાં આવેલ છે. સદરહુ આવેલ ટેન્ડરો પૈકી સ્થાનિક વેપારી એવા વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોરના ભાવો ઓછા આવેલ છે. તેમજ હિરેન સેનેટરીના અનુક્રમ નંબર : ૧૧ તથા ૧૨ માં દર્શાવેલ આઇટમોના ભાવો ઓછા આવેલ છે.પરંતુ ઉપરોક્ત જણાવેલ વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોરના ભાવોમાં અનુક્રમ નંબર : ૧૧ તથા ૧૨ માં દર્શાવેલ આઇટમોના ભાવો જે હિરેન સેનેટરીના ઓછા છે તે ભાવોથી માલસામાન સપ્લાય કરવા માટે તા.:૧૮/૦૨/૨૦૨૧ થી સંમતી આપેલ છે. જેને ધ્યાને લઈ હાલે વલસાડ નગરપાલિકા પાસે સ્ટોક ખુબજ ઓછો હોય તેમજ હાલે ચોમાસાની ઋતુહોય કોઈ અનિછનીય બનાવ ન બને તેવા શુભ આશયને ધ્યાને લઈ મંજૂર થયેલ ભાવોથી ટેન્ડર આઈટમ નંબર :૧૧માં દર્શાવેલ ૬૦૦ એમ.એમ x૭૦ એમ.એમ.ડાયા એફ.આર.પી.રાઉન્ડેડ હેવી ડ્યૂટી ફ્રેમ કવર સાથે નંગ-૧૨૫ તેમજ ટેન્ડર આઈટમ નંબર :૧૨માં દર્શાવેલ એફ.આર.પી. સ્કેવર હેવી ડ્યૂટી ફ્રેમ કવર ૬૦૦x૬૦૦x૭૦ એમ.એમ.ના નંગ-૧૨૫ ની જરૂરિયાત હોય મંજૂર થયેલ ભાવોથી માલસામાન ખરીદી કરવામાં આવેલ છે.સદરહુ ખરીદીનું એજંસીનું આવેલ બિલ નંબર.:૧૯૮/તા.:૧૦-૯-૨૦૨૨નું રૂ।.૩,૦૬,૦૦૦/- અંકે ત્રણ લાખ છ હજાર સાતસો પચાસ પુરા નો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.-૨૫.</u>

<u>વિષય :-</u> તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાના ડ્રેનેજ શાખા દ્વારા શહેરીજનોને ડ્રેનેજના પાણીના નિકાલ કરવા લાઈનોની સફાઈ કરવા માટે ફ્લેક્સીબલ સળિયા ખરીદી અંગેનું ભારત મીકેનીકલ વર્કસ, સુરતનું બીલ રૂ.૯૪૦૦૦/-મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી હેતલ જે.પટેલ

<u>ઠરાવ :</u>

કા.સ.ઠ.નં.૧૧૨/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાના ડ્રેનેજ શાખા દ્વારા શહેરીજનોને ડ્રેનેજના પાણીના નિકાલ કરવા અંગેની સુવિધા પૂરી પાડવામાં આવે છે. સદરહુ લાઈનો વર્ષો જૂની હોય જેને કારણે સદરહુ લાઈનો ચોકઅપ થવાની ફરિયાદો વારંવાર અત્રેની કચેરીએ આવતી હોય છે. જેના નિકાલ કરવા અર્થે સદરહુ લાઈનોની સફાઈ કરવા જરૂરી એવા સળિયા ખરીદ કરવા અંગે ડ્રેનેજ કમિટી ઠરાવ નંબર :૫૦/તા.:૦૭/૧૦/૨૦૧૯ થી મંજૂર થયેલા ભાવોથી ખરીદી કરવામાં આવેલ છે. સદરહુ ખરીદી ભારત મિકેનિકલ વર્કસ ,સુરત પાસેથી મંજૂર થયેલ ભાવોથી માલસામાન ખરીદી કરવામાં આવેલ છે. સદરહુ ખરીદી અંગેનું એજંસીનું આવેલ બિલ નંબર.:૬૭/તા.:03-03-૨૦૨૨નું રૂ ા.૯૪,000/- અંકે રૂા.ચોરાણું હજાર પુરા નો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૨૬.

વિષય :- તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં ભારે વરસાદના કારણે પુર આવેલ હતા.પૂરથી અસરગ્રસ્ત વિસ્તારના લોકો માટે દિન-૦૫(પાંચ)ની જમવાની વ્યવસ્થા સ્થાનિક રસોઈઆ ઇન્દ્રભાઈ એન.માલી પાસે કરવામાં આવેલ.જે અંગેનું આવેલ બીલ રૂ.૮૮૭૫૦/-મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી વર્ષાબેન એ.પાનવાલા

ઠરાવ :

કા.સ.ઠ.નં.૧૦૨/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ , તા.:૧૧/૦૭/૨૦૨૨ના રોજ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં ભારે વરસાદના કારણે પુર આવેલ હતા. પૂરથી અસરગ્રસ્ત વિસ્તારના લોકો માટે દિન-૦૫(પાંચ)ની જમવાની વ્યવસ્થા,નગરપાલિકા દ્વારા સ્પોટ્સ કોમ્પલેક્ષ ખાતે, સ્થાનિક રસોઈઆ શ્રી ઇન્દ્રભાઈ એન.માલી પાસે કરવામાં આવેલ. જે અંગેનું આવેલ બીલ રૂ.૮૮૭૫૦/-અંકે અઠ્યાસી, સાતસો પચાસ પુરા નો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મજુર..

કામ નં.-૨૭.

વિષય :- તા.૧૪/૧૦/૨૦૨૨ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ વ.ન.પા.ના વર્ગ-૪ નાં કર્મચારીઓને સને ૨૦૨૧-૨૨ નાં વર્ષ માટે એડહોક બોનસ ચુકવવા બાબત..

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી રમેશભાઈ એમ.પટેલ

ઠરાવ :

કા.સ.ઠ.નં.૧૬૭/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા-વલસાડના વર્ગ-૪ ના કાયમી કર્મચારીઓ તથા રોજમદાર કર્મચારીઓ કે તા:૩૧/૦૩/૨૦૨૨ ના રોજ નોકરીમાં ચાલુ હોય અને ૨૦૨૧-૨૨ ના વર્ષ દરમ્યાન જેમણે ઓછામાં ઓછી છ (૬) મહિનાની સળંગ નોકરી કરેલ હોઈ તેવા કાયમી કર્મચારીને રૂા.૩ ,૪૫૪/- તથા ત્રણ વર્ષ કે તેથી વધુ વર્ષ સુધી ઓછામાં ઓછા ૨૪૦ દિવસ કામ કરેલ હોય તેવા છુટક મજુરોને રૂા.૧ ,૧૮૪/- નામદાર ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના પત્ર ક્રમાંક નં.બનસ/૧૦૨૦૧૩/જીઓઆઈ/૧૦/ચ તા:૧૨/૧૦/૨૦૨૨ થી ઠરાવ્યા મુજબ સને : ૨૦૨૧-૨૨ના વર્ષ માટેનું બોનસ ચુકવવાપાત્ર થાય છે. તેવા સંજોગોમાં ઉપરોક્ત બોનસ ચુકવવા અંગે સરકારશ્રીની પ્રવર્તમાન સુચનાઓ ધ્યાને લઈ નિયમોનુસારની દરખાસ્ત પ્રાદેશિક કમિશ્નરશ્રી,સુરતને સાદર રજુ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં.-૨૮.

વિષય :- વલસાડ નગરપાલિકાનો સને વર્ષ-૨૦૨૨-૨૩ નો છ માસિક હિસાબ વંચાણે લેવા બાબત..

દ.મુ. : શ્રી હિતેશકુમાર આઈ.પટેલ

ટે.આ : શ્રી ઉર્મિ એ.દેસાઇ

સભ્યશ્રી ગિરીશભાઇ દેસાઇએ છ- માસિક હિસાબ અંગે આવક , ખર્ચ, સુધારેલી જોગવાઈ , અંદાજો, જુદા-જુદા સદરની ગ્રાન્ટ બાબતની ચર્ચામાં ભાગ લીધો.

ઠરાવ :

વલસાડ નગરપાલિકા-વલસાડનો સને ૨૦૨૨-૨૦૨૩નો તા:૦૧/૦૪/૨૦૨૨ થી તા:૩૦/૦૯/૨૦૨૨ સુધીનો છ-માસિક હિસાબ રજુ કરેલ. જે વંચાણે લઈ આવેલ સૂચનો તેમજ સુધારા-વધારા સાથે મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.૧:

વિષય.: વલસાડ નગરપાલિકાની નવી બિલ્ડીંગમાં આવેલ વિવિધ શાખાઓમાં એ.સી. રીપેરીંગ તેમજ સર્વિસ કરાવેલ. જે અંગેનું આવેલ બીલ અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

વલસાડ નગરપાલિકાના નવી બિલ્ડીંગમાં આવેલ હિસાબી શાખા , બાંધકામ શાખા , વહીવટી શાખા , ઉપપ્રમુખશ્રીની કેબિન તથા ચેરમેનશ્રીની કેબીનમાં મૂકવામાં આવેલ એસી શોર્ટ સર્કિટ થવાથી બંધ પડી ગયેલ હતા. જે બાબતે વલસાડના સ્થાનિક એસી રીપેરીંગ કામ કરતાં એજન્સીઓના ટેક્નિશિયનો પાસે સદરહુ એસીઓની ચકાસણી કરાવ્યા બાદ એસીઓમાં થયેલ નુકશાન અંગે આવેલ એસ્ટીમેઈટ તેમજ તે અંગે નિયમોનુસારની પ્રક્રિયા હાથ ધરતા આવેલ ભાવોના તુલનાત્મક પત્રક જોતાં સૌથી ઓછા ભાવ સાગર ડી.થોરાત, તરિયાવાડ,વલસાડના હોય. વર્કઓર્ડર આપી કામગીરી કરાવતા તેઓના આવેલ બીલોના ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૨:

વિષય.: વલસાડ નગરપાલિકા દ્વારા દિવાળીના ધાર્મિક પર્વ નિમિત્તે સલામતી માટે સાવચેતીના પગલાં રાખવાની બાબતો શહેરીજનોને જણાવવા દૈનિક પત્રોમાં જાહેરાત આપવામાં આવેલ જે અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

વલસાડ નગરપાલિકા દ્વારા દિવાળીના ધાર્મિક પર્વ નિમિત્તે સલામતી માટે સાવચેતીના પગલાં રાખવાની બાબતો શહેરીજનોને જણાવવા મુખ્ય દૈનિક પત્રો સંદેશ , ગુજરાત મિત્ર, દિવ્ય ભાસ્કર, ગુજરાત સમાચાર, ગુજરાત ગાર્ડિયનમાં દિન-૧ માટે રૂ ।.૧૦,૦૦૦/- ની મર્યાદામાં જાહેરાત આપવામાં આવેલ. જે અંગેનો થનાર ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૩:

વિષય.: વલસાડ નગરપાલિકા દ્વારા દિવાળીના ધાર્મિક પર્વ નિમિત્તે શહેરીજનોને શુભેચ્છા પાઠવતું બેનર બનાવવા અંગેનું આવેલ બીલ અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

વલસાડ નગરપાલિકા દ્વારા દિવાળી અને નૂતન વર્ષના પવિત્ર તહેવાર નિમિત્તે વલસાડ નગરના તમામ શહેરીજનોને નવા વર્ષની શુભકામના પાઠવતું તેમજ નગરપાલિકાની આવશ્યક સેવાઓથી માહિતગાર કરવા ફ્લેક્ષ બેનર ફાયર સ્ટેશન પાસે , કલ્યાણ બાગ સામે મુકવા કા.સ.ઠ.નં.૨૮૫/તા:૨૧/૦૨/૨૦૨૨ના વાર્ષિક મંજુર થયેલ ભાવોથી હેપ્પી ઝેરોક્ષ ,વલસાડ પાસે કામગીરી કરાવેલ. જે અંગેનો થનાર ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૪:

વિષય.: કા.સ.ઠ.નં.૧૭૧/ તા.૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ, વોર્ડ નં.૯,શુભ કેવલ એપાર્ટમેન્ટવાળા રસ્તા ઉપર,મણીનગર સોસાયટી વિસ્તારમાં નવી ૧૨"ડાયાની આર.સી.સી.પાઈપ લાઈન ( ડ્રેનેજ લાઈન ) નાખવાની કામગીરી કરેલ.સદરહું બીલની રકમ રૂ.૬,૨૭,003/-સ્વ.ભંડોળમાંથી ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

કા.સ.ઠ.નં.૧૭૧/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ, વોર્ડ નં.૯, ના શુભ કેવલ એપાર્ટમેન્ટવાળા રસ્તા ઉપર, મણીનગર સોસાયટી વિસ્તારમાં નવી ૧૨"ડાયાની આર.સી.સી.પાઈપ લાઈન ( ડ્રેનેજ લાઈન) નાખવાનું કામ અંગેનું એસ્ટીમેટ રૂ. ૬,૩૭,030/- મંજુર કરવામાં આવેલ છે. સદરહું કામગીરી કોન્ટ્રકટર શ્રી શાંતિલાલ કે. બારિયા – અબ્રામા તરફથી જા.નં.૧૬૪ / ૨૩-૧-૨૦૨૦ મુજબ એસ્ટીમેટની મર્યાદામાં કામગીરી પૂર્ણ કરેલ છે. જે બીલની રકમ રૂ.૬,૨૭,003/- જેટલી થાય છે. સદરહુ બીલની રકમ જ.બો.ઠ.નં.૬૯૯/૨૨-૧૦-૨૦૧૯ મુજબ સરકારશ્રીની ગ્રાન્ટમાંથી કામગીરી કરવાનું ઠરાવેલ છે. પરંતુ કામની અગત્યતાને ધ્યાને લઇ ડ્રેનેજ લાઈનનું કામ કરાવેલ છે. સદરહું બીલની રકમ રૂ.૬,૨૭,003/- પુરા સ્વભંડોળમાંથી ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

**જ.બો.ઠ.નં.૧૨૦/ તા:૨૯/૧૦/૨૦૨૨**

વ.કા. નં.૫:

વિષય.: કા.સ.ઠ.નં.૧૭૨/ તા.૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ, વોર્ડ નં.૮, તીથલ રોડ, સુદામા સદન વિસ્તારમાં નવી આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી પૂર્ણ કરેલ. સદરહું બીલની રકમ રૂ.૧,૭૭,૫૧૦/-સ્વ.ભંડોળમાંથી ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

કા.સ.ઠ.નં.૧૭૨/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ , વોર્ડ નં.૮,ના તિથલરોડ સુદામા સદન વિસ્તારમાં નવી આર.સી.સી.પાઈપ લાઈન (ડ્રેનેજ લાઈન) નાખવાનું કામ અંગેનું એસ્ટીમેટ રૂ.૨,૪૫,૮૨૭/- મંજુર કરવામાં આવેલ છે. સદરહું કામગીરી કોન્ટ્રકટર શ્રી શાંતિલાલ કે.બારિયા –અબ્રામા તરફથી એસ્ટીમેટની મર્યાદામાં રૂ.૧,૭૭,૫૧૦/-નું ડ્રેનેજ લાઈનનું કામ પૂર્ણ કરાવેલ છે. જ.બો.ઠ.નં. ૯૭૯/૧૫-૦૩-૨૦૨૧ મુજબ,સદરહું કામગીરી સરકારશ્રીની ગ્રાન્ટમાંથી ખર્ચ કરવાનું હતું.પરંતુ કામની અગત્યતાને ધ્યાને લઇ કામગીરી કરાવેલ હોય,સદરહું બીલની રકમ રૂ.૧,૭૭,૫૧૦/-પુરા સ્વભંડોળમાંથી ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૬:

વિષય.:કા.સ.ઠ.નં.૧૯૧/તા.૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ, ના.સરકારશ્રીની SJMMSVY-UDP-88-(2018-19) હેઠળ વલસાડ નગરપાલિકા સંચાલિત શ્રી મહાત્મા ગાંધી હૉલ અને લાયબ્રેરીનું નવું મકાનમાં કન્સલટન્ટના રીવાઈડઝ એસ્ટીમેટમાં જણાવેલ ટેન્ડર મંજુર રકમથી રૂ ।. ૩૮૮૧૮૨૫/- પૂરાનો વધારાનો ખર્ચ મંજુર કરવા બાબત.

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

કા.સ.ઠ.નં.૧૯૧/તા:-૧૪/૧૦/૨૦૨૨ની ભલામણ મુજબ , નામદાર સરકારશ્રીની SJMMSVY-UDP-88(2018-19) હેઠળ વલસાડ નગરપાલિકા સંચાલિત શ્રી મહાત્મા ગાંધી હોલ અને લાયબ્રેરીનું નવું મકાન (ફર્નિચર સહિત)નું કામ પ્રાદેશિક કમિશ્નરશ્રી, સુરતના પત્રક્રમાંક પ્રાકન / SJMMSVY –UDP –88 –(2018-19)/ગ્રાન્ટ/વલસાડ ન.પા./વહીવટીમંજૂરી/ પ્રથમહપ્તો/ વશી.૩૬૬/૨૦૧૮/૧૭૧૬ થી ૧૭૨૩/ તા.૦૨-૦૩-૨૦૧૯ થી જરૂરી વહીવટી મંજૂરી મેળવેલ છે. સદરહુ કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં જાહેરાત આપી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવતા મુદ્દત દરમ્યાન કુલ-૦૨ ટેન્ડરો આવેલ છે, સદરહુ આવેલ ટેન્ડર ડોકયુમેન્ટ તા.૦૭-૧૦-૨૦૧૯ થી ખુલ્લા કરવામાં આવેલ છે. અને એજન્સી ક્વોલીફાઈ થતાં સદરહુ કામના ઓનલાઈન ટેન્ડર તા.૧૦-૧૦-૨૦૧૯ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે , સદરહુ ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે (L1) ઠેકેદારશ્રી ભરતકુમાર એ.ઓડેદરા,વલસાડનું ટેન્ડર એસ્ટીમેટેડ કોસ્ટ રૂ.૧ ,૮૮,૦૯,૦૦૬.૮૭/- કરતાં ૬.૫૦% નીચા ભાવથી ટેન્ડર આવેલ છે , જેથી ટેન્ડરમાં દર્શાવેલ આવેલ નીચા ભાવ મુજબ રૂ.૧ ,૭૫,૮૬,૪૨૧.૪૨/- પુરાનું ટેન્ડર કા.સ.ઠ.નં- ૨૯૦/તા.૧૪-૧૦-૨૦૧૯ થી મંજૂર કરવામાં આવેલ છે. જે અન્વયે એજન્સી દ્વારા સ્થળ ઉપર કામગીરી શરૂ કરવામાં આવેલ. સદરહુ એજન્સી દ્વારા કામના જથ્થાનો વધારો-ઘટાડો થયેલ તે બાબતે સદરહુ કામે કન્સ્લટન્ટ દ્વારા અત્રેની કચેરીએ તા.૧૨-૦૪-૨૦૨૧ ના રોજ સદરહુ મહાત્મા ગાંધી લાયબ્રેરીના જરૂરી રીવાઇઝડ એસ્ટીમેન્ટ રજૂ કરેલ છે. સદરહુ કન્સ્લટન્ટના રીવાઇઝડ એસ્ટીમેઈટમાં જણાવ્યા મુજબ "જે સ્થળે બાંધકામની કામગીરી શરૂ કર્યા પહેલા સોઇલ બેરીંગ કેપેસીટી (SBC) રીપોર્ટ કરાવવામાં આવેલ છે. સદરહુ SBC રીપોર્ટના આધારે તૈયાર કરેલ ડીઝાઇન પ્રમાણે સ્ટીલ , ફુટીંગ, કોંક્રીટ, કોલમ, બીમ, સ્લેબ, લીફ્ટ, રાફ્ટ જેવી ઘણી આઇટમોમાં જથ્થો વધારો થવા જાય છે. તેમજ ટેરેસ , ત્રીજામાળની પેરાપેટ,ચણતર-પ્લાસ્ટર,કલર,દાદર,કેબીન,લીફ્ટ,લીફ્ટરૂમ, એલીવેશન,વિગેરે આઇટમો ટેન્ડરમાં ન હોય, જે જથ્થામાં પણ વધારો થાય છે. તેમજ વિકલાંગો તેમજ સીનીયર સીટીઝન માટે સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ ટોયલેટ રેમ્પ, બેસવાની વ્યવસ્થા કરવાની હોય, જેના જથ્થામાં પણ વધારામાં સમાવેશ થાય છે. જે જગ્યાએ કામગીરી ચાલી રહી છે. તે જગ્યા તળાવ તેમજ જૂની બિલ્ડીંગ તોડીને ત્યાં કામગીરી કરાવવાની હોય, જેના કારણે ખોદાણકામ વધારે ઉંડાયએ કરવાથી નીચેના ભાગે પાણી આવી જતાં ડી-વોટરીંગ કરવાની જરૂરીયાત પડેલ છે. જે આઇટમોમાં પણ વધારો થવા જાય છે. તેમજ દાદરના ટપ્પા,રાઇઝર,બારી-દરવાજાના માર્બલસીલ વધવાના કારણે જથ્થો વધારે થવા જાય છે."

ઉપરોક્ત આવેલ કન્સ્લટન્ટના રીવાઇઝડ એસ્ટીમેઈટમાં જણાવ્યા ટેન્ડર મંજૂર રકમથી રૂા.૩૮,૮૧,૮૨૫/-પુરાનો વધારો ખર્ચ થવા જાય એમ છે. તો સદરહુ આવેલ રીવાઇઝડ એસ્ટીમેઈટમાં

જણાવેલ વધારાનો થનાર ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૭:

વિષય.: નામદાર સરકારશ્રીની SJMMSVY-UDP-78 હેઠળ (મુખ્યમંત્રી શહેરી સડક) ની ગ્રાન્ટ વરસાદ થી નુકશાન પામેલ રસ્તાઓને રીસર્ફેસીંગ કરવાના કામે ફાળવવામાં આવેલ રૂા.૧.૦૦ કરોડ તેમજ વધારાની રૂા.૩.૦૦ કરોડની ગ્રાન્ટ અન્વયે કામોનું આયોજન કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

નામદાર સરકારશ્રીની SJMMSVY-UDP-78 હેઠળ (મુખ્યમંત્રી શહેરી સડક) ની ગ્રાન્ટ વરસાદ થી નુકશાન પામેલ રસ્તાઓને રીસર્ફેસીંગ કરવાના કામે ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ , ગાંધીનગરના પત્ર ક્રમાંક મફબ/ SJMMSVY-UDP-78/ન.પા.ઓ.૧૫૬/MMSSY-સૈદ્ધાંતિક/૨૦૨૨/૧૬૩૪૩/ તા:૦૭/૦૯/૨૦૨૨ થી ફાળવવામાં આવેલ રૂ l.૧.૦૦ કરોડની ગ્રાન્ટ તેમજ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક મફબ/ SJMMSVY-UDP-78/ MMSSY-સૈદ્ધાંતિક/ ૨૦૨૨-૨૩/ ૧૮૪૮૦/ તા:૨૧/૧૦/૨૦૨૨ વધારાની રૂા.૩.૦૦ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે. સદરહુ ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી કા.સ.ઠ.નં.૧૯૭/તા:૨૦/૧૦/૨૦૨૨ થી મંજુર થયેલ એજન્સી પાસેથી કામો કરાવવા અંગે નિયમોનુસારની આગામી કાર્યવાહી કરવા તેમજ સદરહુ ગ્રાન્ટમાંથી કામો નક્કી કરવા તથા તે અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૮:

વિષય.: એડવોકેટશ્રી મુકેશભાઇ જે.પાંચાલની નોટીશ ફી નક્કી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

વલસાડ નગરપાલિકાની માલિકીના શોપીંગ સેન્ટર/માર્કેટની દુકાનો મૂળ કબજેદાર દ્વારા દુકાનો પેટા ભાડુઆત તરીકે આપવામાં આવેલ હતી. જે અંગે ભાડા વસુલાત શાખા અધિકારીના આવેલ રીપોર્ટમાં જણાવ્યા મુજબ સદર દુકાનનો કબજો પરત લેવા સબંધે કુલ-૬૧ નોટીશો વલસાડ નગરપાલિકાના પેનલના એડવોકેટશ્રી મુકેશભાઇ જે.પાંચાલ દ્વારા લીગલ નોટીશ મૂળ કબજેદાર તથા પેટા ભાડુંઆતને R.P.A.D થી મોકલવામાં આવેલ. જે સબંધે એડવોકેટશ્રીની ફી રૂપિયા-૭૫૦૦ પ્રમાણે આવેલ બીલ તેમજ સામાન્ય સભા ઠરાવ નં.૯૯૧/તા:૧૫/૦3/૨૦૨૧ થી ઠરાવ્યા મુજબ બીલની રકમ ચુકવવા સબંધે પુન: તા:૨૧/૧૦/૨૦૨૨ ના રોજ થયેલ રૂબરૂ ચર્ચા મુજબ  એક નોટીશ દીઠ ફી રૂ ા.૫૦૦૦/- પ્રમાણે કુલ-૬૧ દુકાન ધારકો/કબજેદારોને પાઠવેલ નોટીસો અંગેનું બીલ ચુકવવા  અંગે વધુ વિચારણા માટે મુલત્વી રાખવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૯:

વિષય.: વલસાડ નગરપાલિકાના હાઉસ ટેક્ષ ડિપાર્ટમેન્ટમાં નવું એ.સી. ખરીદ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

વલસાડ નગરપાલિકાના હાઉસ ટેક્ષ ડિપાર્ટમેન્ટમાં સર્વર મુકવામાં આવેલ છે. અને સદર શાખામાં એ.સી. ખરાબ થઈ ગયેલ છે. જે રીપેર થઈ શકે તેમ નથી. જેથી સર્વરની જાળવણી કરવા માટે નવું એ.સી. ખરીદ કરવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. જે અંગે નિયમોનુસારની આગામી કાર્યવાહી કરવા તેમજ તે અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૧૦:

વિષય.: નામ.સરકારશ્રીની વિવિધ યોજનાઓની ફાળવેલ ગ્રાન્ટ પૈકીની રકમના વિકાસલક્ષી કામોના આવેલ ટેન્ડરોના ભાવ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

નામદાર સરકારશ્રીની વિવિધ યોજનાઓના વિકાસલક્ષી કામો કરવા અંગે વલસાડ નગરપાલિકા દ્વારા દૈનિક પેપરમાં જાહેરાત આપી ઓનલાઈન ટેન્ડરો તા.૨૯-૧૦-૨૦૨૨ ના રોજ બપોરે ૦૩:૦૦ કલાક સુધીમાં નીચે જણાવ્યા મુજબના ટેન્ડરો મંગાવવામાં આવેલ છે. સદરહુ નીચે મુજબના કામોના આવેલ ટેન્ડર ડોક્યુમેન્ટો તા:૨૯/૧૦/૨૦૨૨ ના રોજ બપોરે ૦૩:૩૦ કલાકે મુખ્ય અધિકારીશ્રી તેમજ મે.પ્રમુખશ્રી સમક્ષ રૂબરૂ ખુલ્લા કરવામાં આવેલ છે. સદરહુ ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડર ડોક્યુમેન્ટો તેમજ ઓનલાઈન ટેન્ડરના બીડ ખુલ્લા કરી જરૂરી ટેન્ડરના ભાવ મંજુર કરવા તેમજ L1 આવેલ એજન્સીને વર્કઓર્ડર આપવા તેમજ તે અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રી , ચેરમેનશ્રી-કારોબારી સમિતિ અને મુખ્ય અધિકારીશ્રીને આપવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) વ્યવસાયવેરા ગ્રાન્ટ-૨૦૨૧-૨૨ હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં ડ્રેનેજ લાઇન નાખવાનું કામ (ટેન્ડર ડોક્યુમેન્ટ નંગ-૦૨) (ટેન્ડર આઈ.ડી.૫૬૧૫૧૩)

(૨) વ્યવસાયવેરા ગ્રાન્ટ-૨૦૨૧-૨૨ હેઠળ વલસાડ નગરપાલિકા સંચાલિત મહાત્મા ગાંધી લાયબ્રેરીમાં પેવરબ્લોક, ગાર્ડનિંગ તેમજ કંમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ (ટેન્ડર ડોક્યુમેન્ટ નંગ-૦૨) (ટેન્ડર આઈ.ડી.૫૬૧૫૨૯)

(3) SJMMSVY-UDP-88-2022-23 વલસાડ નગરપાલિકા હદમાં ટ્રીમીક્ષ રોડ બનાવવાનું કામ (ટેન્ડર ડોક્યુમેન્ટ નંગ-૦૪) (ટેન્ડર આઈ.ડી.૫૬૧૬૦૭)

(૪) SJMMSVY-UDP-88-2022-23 વલસાડ નગરપાલિકા હદમાં સીનીયર સીટીઝન શેડ બનાવવાનું કામ (ટેન્ડર ડોક્યુમેન્ટ નંગ-૦૩) (ટેન્ડર આઈ.ડી.૫૬૧૬૧૨)

(૫) SJMMSVY-UDP-88-2022-23 વલસાડ નગરપાલિકા હદમાં પેવરબ્લોકનું કામ (ટેન્ડર ડોક્યુમેન્ટ નંગ-૦૩ (ટેન્ડર આઈ.ડી.૫૬૧૬૨૨)

(૬) ૧૫મું નાણાપંચ-૨૦૨૧-૨૨ વલસાડ નગરપાલિકા હદમાં પેવરબ્લોક અને વરસાદી ગટર બનાવવાનું કામ (ટેન્ડર ડોકયુમેન્ટ નંગ-૦૨) (ટેન્ડર આઈ.ડી.૫૬૧૭૮૬)

મંજુર.....

વ.કા. નં.૧૧:

વિષય.: નામ.સરકારશ્રીની વિવિધ યોજનાઓની ફાળવેલ ગ્રાન્ટ પૈકીની રકમના વિકાસલક્ષી કામોના આવેલ ટેન્ડરોના ભાવ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

નામદાર સરકારશ્રીની વિવિધ યોજનાઓના વિકાસલક્ષી કામો કરવા અંગે વલસાડ નગરપાલિકા દ્વારા દૈનિક પેપરમાં જાહેરાત આપી ઓનલાઈન ટેન્ડરો તા.૨૯-૧૦-૨૦૨૨ ના રોજ સાંજે ૦૬:૦૦ કલાક સુધીમાં નીચે જણાવ્યા મુજબના ટેન્ડરો મંગાવવામાં આવેલ છે. સદરહુ નીચે મુજબના કામોના આવેલ ટેન્ડર ડોક્યુમેન્ટો તા:૨૯/૧૦/૨૦૨૨ ના રોજ સાંજે ૦૬:૦૦ કલાકે ખુલ્લા કરવાના થાય છે. સદરહુ ખુલ્લા કરવાના થતાં ટેન્ડર ડોક્યુમેન્ટો તેમજ ઓનલાઈન ટેન્ડરના બીડ ખુલ્લા કરી જરૂરી ટેન્ડરના ભાવ મંજુર કરવા તેમજ L1 આવેલ એજન્સીને વર્કઓર્ડર આપવા તેમજ તે અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રી, ચેરમેનશ્રી-કારોબારી સમિતિ અને મુખ્ય અધિકારીશ્રીને આપવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) વ્યવસાયવેરા ગ્રાન્ટ-૨૦૧૮-૧૯ હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં ડામર રોડ બનાવવાના કામ. (ટેન્ડર આઈ.ડી.૫૫૯૩૪૦)

(૨) SJMMSVY-UDP-88-2020-21 વલસાડ નગરપાલિકા હદમાં ડામર રોડ બનાવવાના કામ. (ટેન્ડર આઈ.ડી.૫૫૯૫૩૬)

(૩) જિલ્લા આયોજન મંડળ ગ્રાન્ટ-૨૦૨૨-૨૩ હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં વરસાદી ગટર તેમજ ડ્રેનેજ લાઇન નાખવાનું કામ (ટેન્ડર આઈ.ડી.૫૫૯૩૬૧)

મંજુર...

વ.કા. નં.૧૨:

વિષય.: ફાયર શાખાના કર્મચારીઓને ગણવેશ આપવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

રાષ્ટ્રીય પર્વ ઉજવણી , આગના બનાવો તેમજ ઈમરજન્સી સમયે વલસાડ નગરપાલિકાના ફાયર શાખાના કર્મચારીઓની કામગીરી કરવામાં સરળતા રહે તે માટે કર્મચારી ઓળખ તરીકે કર્મચારી ગણવેશમાં હોય તે આવશ્યક છે. જે ધ્યાને લઈ આરોગ્ય શાખાના કર્મચારીઓને આપવામાં આવતા ગણવેશના મંજુર થયેલ ભાવોથી સદર ફાયર શાખાના દરેક કર્મચારીઓને નેવી બ્લુ કલરના બે-જોડ ગણવેશ આપવાનું તથા તે અંગેનો થનાર ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર...

વ.કા. નં.૧૩:

વિષય.: શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાં ડ્રેનેજ લાઇનના મેઇન હૉલ ચેમ્બરો તૂટી ગયેલ છે તેને રીપેરીંગ કરવા બાબત.

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

વલસાડ શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાં ડ્રેનેજ લાઇનના મેઇન હૉલ ચેમ્બરો તૂટી ગયેલ છે. જેને રીપેરીંગ કામ કરવા માટે કારોબારી સમિતિ ઠરાવ નંબર: ૧૫૬/તા:૦૬/૦૯ /૨૦૨૧ થી ભાવો મંજુર કરવામાં આવેલ છે. જે ભાવોથી કામ કરવા માટે કોન્ટ્રાકટરશ્રી શાંતિલાલ કે.બારિયા-અબ્રામા,વલસાડનાઓને વલસાડ નગરપાલિકા જા.નં.૭ ,૮,૯ તા:૦૫/૦૭/૨૦૨૨ ના રોજથી કુલ-૨૨ (બાવીસ) ચેમ્બરો રીપેરીંગ કરવા માટે વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. તેમજ વલસાડ નગરપાલિકાના સભ્યશ્રીઓ દ્વારા કરવામાં આવેલ રજુઆતમાં વિવિધ જગ્યાઓએ ચેમ્બરો તુટી ગયેલ હોય. જેને રીપેરીંગ કરવાની તાકીદે જરૂરિયાત હોય તેવા ૭૮ ચેમ્બરો મળી કુલ ૧૦૦ નંગ જેટલા ચેમ્બરો બનાવવા અંગેની રજુઆતોને ધ્યાને લઈ ડ્રેનેજ શાખા દ્વારા સને વર્ષ:૨૦૨૦-૨૧ ના વર્ષ માટે વાર્ષિક ભાવો ઇ-ટેન્ડર પ્રક્રિયાથી ટેન્ડરો મંગાવ્યા બાદ ડ્રેનેજ કમીટી ઠરાવ નંબર:૦૪/તા:૧૨/૦૧/૨૦૨૧ તથા કા.સ.ઠ.નં-૧૫૬/ તા:૦૬/૦૯/૨૦૨૧ થી મંજુર કરવામાં આવેલ છે. અને સને:૨૦૨૨-૨૩ના વર્ષ માટે નગરપાલિકા દ્વારા ઇ-ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવતા સદરહુ કામના ટેન્ડર સમયમર્યાદામાં આવેલ નથી. જેને ધ્યાને લઈ ઉપરોક્ત જણાવ્યા પ્રમાણે સને વર્ષ ૨૦૨૦-૨૧ ના મંજુર થયેલ ભાવોથી આગામી સને વર્ષ :૨૦૨૨-૨૩ ના વર્ષ માટે રીટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધીના સમયગાળા માટે રૂ ।.૫,૦૦,૦૦૦/- અંકે રૂપિયા પાંચ લાખની મર્યાદામાં ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર...

સભાનું કામકાજ પૂર્ણ થતાં પ્રમુખશ્રીએ સૌને આભાર વ્યક્ત કર્યો , સભાનું કામકાજ પૂર્ણ થતાં " રાષ્ટ્રગાનથી " સભા પૂર્ણ થઈ........

સહી/- અવાચ્ય
(કિન્નરીબેન અમીષભાઇ પટેલ)
પ્રમુખ
વલસાડ નગરપાલિકા

નગરપાલિકા કચેરી,
વલસાડ.
તા: ૧૩/૧૨/૨૦૨૨